| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ર૯/૦૮/ર૦૦૯ |
| કેસ નોધ્યા તારીખ | ર૯/૦૮/ર૦૦૯ |
| કેસ નિર્ણય તારીખ | ૦૬/૦૪/ર૦ર૬ |
| અવધિ | વર્ષ : , મા. , દિ. |

**આંક :**

**૧. ફોર્મ – એ.**

| |
|---|
| **મહે.ખેડાના અધિક ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ખેડા, તા.જિ.ખેડા.**<br><br>**Present : N.C.Jadhav**<br>**Additional Chief Judicial Magistrate, Kheda.** |
| જજમેન્ટ તારીખ : ૦૧/૦૪/ર૦ર૬<br>**ફોજદારી કેસ નં.૮૧પ/ર૦૦૯**<br>ખેડા ટા.પો.સ્ટે. સે.ગુ.ર.નં.ર૩૭/ર૦૦૮ |
| **ફરીયાદી :– દીપીકાબેન તે રતીલાલ વાલાભાઈ રોહીતની દીકરી,**<br>ઉ.વ. પુખ્ત, ધંધો :<br>રહે. લીંબાસી, ઈન્દીરાનગરી, તા.માતર. |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.ભોઈ |
| **આરોપી :– (૧) સંજયકુમાર ઉર્ફે ગીરીશભાઈ જેઠાભાઈ મકવાણા,**<br>ઉ.વ.૩૦, ધંધો : ખેત મજુરી,<br>**(ર) ભરતકુમાર ઈશ્વરભાઈ રોહીત,**<br>ઉ.વ.ર૦, ધંધો. અભ્યાસ,<br>બંને રહે. બામરોલી, નવા રોહીતવાસ, તા.નડીઆદ, જી.ખેડા.<br>**(૩) શનાભાઈ પોપટભાઈ ચૌહાણ ,**<br>ઉ.વ.પ૦, ધંધો. કડીયાકામ, |

| |
|---|
| રહે. દાવડા, પાણીની ટાંકી પાસે, તા.નડીઆદ, જી. ખેડા. |
| આરોપી પક્ષે વિ.વકીલશ્રી વી.એન.રાઉલજી |

## ૨. ફોર્મ – બી.

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૨૫/૧૦/૨૦૦૮ |
| એફ.આઈ.આર.નોંધ્યા તારીખ : | ૧૮/૧૨/૨૦૦૮ |
| ચાર્જશીટ તારીખ : | ૨૯/૦૮/૨૦૦૯ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ : | ૧૨/૦૩/૨૦૧૦ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ : | ૦૪/૦૯/૨૦૨૧ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૨૯/૦૫/૨૦૨૫ |
| જજમેન્ટની તારીખ : | ૦૧/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રમ થયેલ છે? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર. પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજયકુમાર ઉર્ફે ગીરીશભાઈ જેઠાભાઈ મકવાણા | ૨૦/૧૨/૨૦૦૮ | ૨૩/૧૨/૨૦૦૮ | ઈ.પી.કો. કલમ–૪૯૬,૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | – | – |
| ૨ | ભરતકુમાર ઈશ્વરભાઈ રોહીત | ૩૧/૦૧/૨૦૦૯ | ૨૩/૦૧/૨૦૦૯ | ઈ.પી.કો. કલમ–૪૯૬,૫૦૬(૨ | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ),૧૧૪ | | | |
| ૩ | શનાભાઈ પોપટભાઈ ચૌહાણ | ૩૧/૦૧/૨૦૦૯ | ૨૩/૦૧/૨૦૦૯ | ઈ.પી.કો. કલમ-૪૯૬,૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | – | – |

## ૩. ફોર્મ – સી.

**<u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના સાક્ષીની વિગત :</u>**

### (એ) ફરીયાદપક્ષના સાક્ષી.

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW–1 | ફરીયાદી દીપીકાબેન રતીલાલ રોહીત | **આંક–૬૬** |
| PW–2 | સાહેદ રતીલાલ વાલાભાઈ રોહીત | **આંક–૬૮** |
| PW–3 | સાહેદ ઈલાબેન રતીલાલ રોહીત | **આંક–૬૯** |
| PW–4 | સાહેદ અંબાલાલ વાલાભાઈ રોહીત | **આંક–૭૧** |
| PW–5 | સાહેદ નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ | **આંક–૭૮** |
| PW–6 | સાહેદ કલ્પેશભાઈ બાબુભાઈ પ્રજાપતિ | **આંક–૮૦** |
| PW–7 | પંચ લાલજીભાઈ શાંતીભાઈ સીસોદીયા | **આંક–૮૧** |
| PW–8 | સાહેદ રાજેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ | **આંક–૮૭** |
| PW–9 | સાહેદ જગદીશકુમાર હીરાલાલ રોહીત | **આંક– ૭૫** |
| PW–10 | ત.ક.અ.અબ્દુલકાદર ગફુરભાઈ વ્હોરા | **આંક–૯૧** |
| PW–11 | સાહેદ હિતેશ પ્રમોદકુમાર સંઘવી | **આંક–૧૧૨** |

### (બી) બચાવ પક્ષના સાક્ષી.

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| DW-1 | નીલ | નીલ |

## (સી) કોર્ટ સાક્ષી.

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | નીલ | નીલ |
| CW-2 | નીલ | નીલ |

## <u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટ તરફે રેકર્ડ પર આવેલ દસ્તાવેજની વિગત :</u>

## (એ) ફરીયાદપક્ષના દસ્તાવેજ

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | **આંક–૬૭** | ફરીયાદ. |
| 2 | **આંક–૭૯** | દીપીકાબેન અને આરોપી સંજયભાઈનો લગ્નનો ફોટો |
| 3 | **આંક–૮૨** | સી.પી.યુ.નું પંચનામું. |
| 4 | **આંક–૯૬** | આરોપીનો ફોટોગ્રાફ |
| 5 | **આંક–૯૭** | દીપીકાબેનનો ફોટોગ્રાફ |
| 6 | **આંક–૯૮** | લગ્નની યાદી મોકલવા માટેની અરજી |
| 7 | **આંક–૯૯** | લગ્ન નોંધણીની યાદી |
| 8 | **આંક–૧૦૦** | આરોપી સંજયભાઈ જેઠાભાઈ મકવાણાનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ |
| 9 | **આંક–૧૦૧** | સંજયભાઈ જેઠાભાઈ મકવાણાનું ઈલેકશન કાર્ડ |
| 10 | **આંક–૧૦૨** | દીપીકાબેન રતીલાલ રોહીતનું બોનાફાઈડ સર્ટી |
| 11 | **આંક–૧૦૩** | લગ્ન કર્યા અંગેનુ પ્રમાણપત્ર |
| 12 | **આંક–૧૦૪** | રાજેન્દ્રભાઈ ગોવીંદભાઈ દવેનું ઈલેકશન કાર્ડ |

| | | |
|---|---|---|
| 13 | **આંક–૧૦૫** | શનાભાઈ પોપટભાઈ ચૌહાણનું ઈલેકશન કાર્ડ |
| 14 | **આંક–૧૦૬** | રોહીત ભરતકુમાર ઈશ્વરભાઈ આઈડી કાર્ડ |
| 15 | **આંક–૧૦૭** | રોહીત રતીલાલ વાલાભાઈનું રેશનકાર્ડ |
| 16 | **આંક–૧૦૮** | આરોપી સંજયકુમાર જેઠાભાઈ મકવાણાની એફીડેવીટ |
| 17 | **આંક–૧૦૯** | દીપીકાબેન રતીલાલ રોહીતની એફીડેવીટ |
| 18 | **આંક–૧૧૦** | લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર |
| 19 | **આંક–૧૧૩** | એફ.એસ.એલ. થી ખેડા ટા.પો.સ્ટે. માં મોકલવામાં આવેલ પત્ર તા.૦૬/૦૧/૧૦ |
| 20 | **આંક–૧૧૪** | એફ.એસ.એલ. થી ખેડા ટા.પો.સ્ટે. માં મોકલવામાં આવેલ પત્ર તા.૦૬/૦૧/૧૦ |

## (બી) બચાવપક્ષના દસ્તાવેજ

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| 1 | **આંક–૧૨૧** | એચ.એમ.પી.નં.૧૮૩/૨૦૦૯ ના કામે આંક–૩૩ થી બાગેશ્વરીબેન પ્રવીણકુમાર સોલંકીની જુબાની. |
| 2 | **આંક–૧૨૨** | એચ.એમ.પી.નં.૧૮૩/૨૦૦૯ ના કામે આંક–૩૬ થી નોટરીનું રજીસ્ટર. |
| 3 | **આંક–૧૨૩** | એચ.એમ.પી.નં.૧૮૩/૨૦૦૯ ના કામે આંક–૩૭ ફરીયાદીએ ભરેલ નોટરી રૂબરૂનું ફોર્મ. |
| 4 | **આંક–૧૨૪** | એચ.એમ.પી.નં.૧૮૩/૨૦૦૯ ના કામે આંક–૩૮ આરોપીએ ભરેલ નોટરી રૂબરૂનું ફોર્મ. |
| 5 | **આંક–૧૨૫** | એચ.એમ.પી.નં.૧૮૦/૨૦૦૯ ના કામે આંક–૧૫ થી ફરીયાદીની પુરાવા એફીડેવીટ. |

| | | |
|---|---|---|
| 6 | **આંક–૧૨૬** | એચ.એમ.પી.નં.૧૮૦/૨૦૦૯ ના કામે આંક–૩૧ થી ફરીયાદીની નોટરી રૂબરૂની લગ્ન અંગેની એફીડેવીટ. |
| 7 | **આંક–૧૨૭** | એચ.એમ.પી.નં.૧૮૦/૨૦૦૯ ના કામે આંક–૩૬ અંબાલાલભાઈ વાલજીભાઈ રોહીતનાઓની એફીડેવીટ. |
| 8 | **આંક–૧૨૮** | એચ.એમ.પી.નં.૦૨/૨૦૧૭ જુનો એચ.એમ.પી. નં.૧૮૦/૨૦૦૯ ના કામે જજમેન્ટની નકલ. |
| 9 | **આંક–૧૨૯** | એચ.એમ.પી.નં.૦૨/૨૦૧૭ જુનો એચ.એમ.પી. નં.૧૮૦/૨૦૦૯ ના હુકમનામાની નકલ. |

## (સી) કોર્ટ દસ્તાવેજ

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| 1 | નીલ | નીલ |

## –:: ચુકાદો ::–

૪. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.૧ નાએ ફરીયાદી બેનને નોકરી અપાવવાના બહાને નડીઆદ લઈ જઈ કોરા ફોર્મમાં સહીઓ કરાવી લગ્ન રજીસ્ટર કરાવી આરોપી નં.૨,૩ નાએ લગ્ન રજીસ્ટરમાં સહીઓ કરી સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરાવી તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ લગ્ન નોંધણી કરાવી વાવડી ગ્રામ પંચાયતમાં નોંધ કરાવી ફરીયાદી બેનને જાનથી મારી નાખવાની ધમકી

આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ઈ.પી.કો.કલમ–૪૯૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો આચરેલ હોય, ખેડા પો.સ્ટે. પી.એસ.ઓ. દ્વારા ખેડા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૨૩૭/૨૦૦૮ થી ગુનો નોંધવામાં આવેલ છે અને સદર ગુનાની તપાસ ત.ક.અ.ને સોંપતા ત.ક.અ.એ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત પુરાવો પડતા આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં **ઈ.પી.કો.કલમ–૪૯૬, ૫૦૬(૨), ૧૧૪** મુજબના ગુનાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

૫. <u>કોર્ટ કાર્યવાહી.</u>

સદર કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ વિરૂધ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપી હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ આપવામાં આવેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ **આંક–૬** થી તહોમતનામું ફરમાવી **આંક–૭** થી **આંક–૯** પ્લી નોંધવામાં આવેલ પ્લી નોંધતા આરોપીએ ગુનો કબુલ ન રાખતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

૬. સદરહું કેસનો ફરીયાદપક્ષે પુરાવો ધ્યાને લેતા આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેમના સામેના પુરાવાનો ઈન્કાર કરી બચાવમાં સાહેદો તપાસવા માંગતા નહી હોવાનું જણાવેલ છે. આ કામમાં સાહેદ લલ્લુભાઈ માવજીભાઈ રોહીત તથા પંચ દિપકકુમાર રતનસિંહ ચૌહાણનો મરણનો દાખલો આંક–૭૭ અને આંક–૯૪ રેકર્ડ પર છે.

**૭. <u>દલીલો.</u>**

૭.૧ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૮. <u>મુદ્દાઓ.</u>**

સદરહું કેસમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતા આરોપીઓ સામેના ગુનાનું તહોમત ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી બેનને નોકરી અપાવવાના બહાને નડીઆદ લઈ જઈ કોરા ફોર્મમાં સહીઓ કરાવી લગ્ન રજીસ્ટર કરાવી આરોપી નં.૨,૩ નાએ લગ્ન રજીસ્ટરમાં સહીઓ કરી સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરાવી તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ લગ્ન નોંધણી કરાવી વાવડી ગ્રામ પંચાયતમાં નોંધ કરાવી ફરીયાદી બેનને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ઈ.પી.કો.કલમ-૪૯૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે ?

**મુદ્દા નં.૨**

શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ નકારમાં**

**મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.**

**૧૦.** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**૧૧.** આરોપીઓ સામે મુકવામાં આવેલ **ઈ.પી.કો.કલમ–૪૯૬,૫૦૬(ર),૧૧૪** મુજબનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

૧ર. આ કામમાં **આંક–૬૬ થી ફરીયાદી દીપીકાબેન રતીલાલ રોહીત**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, લલ્લુભાઈ માવજીભાઈ મારા દાદા થાય છે અને તેઓ મારા ઘરની બાજુમાં રહે છે. સંજયભાઈ જેઠાભાઈ મકવાણા લલ્લુભાઈ માવજીભાઈના ભાણીયા થાય છે અને સંજયભાઈ બામરોલી મુકામે રહે છે જેઓ લલ્લુભાઈના ઘરે આવતા હોય તેઓને હું ઓળખું છું. મે છ મહીના નર્સીંગનો કોર્ષ કરેલ હતો અને સંજયભાઈએ મને દવાખાનામાં નોકરી અપાવવાની વાત કરેલ અને આ સંજયભાઈએ અમારી પાસે રેશનકાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝના ફોટા અને જન્મનો દાખલો માંગેલો. હું લીંબાસી નિશાળ જવા નીકળેલ અને લીંબાસી બસસ્ટેન્ડમાં ઉભી હતી ત્યારે હાલમાં કોર્ટમાં હાજર આરોપીઓ લીંબાસી બસસ્ટેશને હતા

અને આરોપી સંજયભાઈએ મને જણાવેલ કે ચાલ તને નોકરી અપાવી દઉ તેમ કહી નડીઆદ સરદારભવનમાં લઈ ગયેલ અને આ સમયે આ ત્રણેય જણા હાજર હતા. પછી સરદારપટેલ ભવનમાં ગાડીના પાર્કીંગમા મારી સહી કરાવેલી અને મને જોવા કે વાંચવા દીધેલ ન હોય ઉપર કાગળો મુકેલ હતા શેની સહીઓ કરાવેલ તેની મને ખબર નથી. સંજયભાઈએ ખેડા ચોકડી મને રીક્ષામાંથી ઉતારી દીધેલ અને ત્યાથી હું મારા ઘરે લીંબાસી ગયેલ. પછી દસ દિવસ બાદ મારા પર સંજયભાઈનો ફોન આવેલ અને તેઓએ મને જણાવેલ કે આપણા લગ્ન થઈ ગયેલ છે અને તારા કપડા તૈયાર રાખ અને આ સંજયભાઈએ એવું જણાવેલ કે જો તું મારી સાથે નહી આવે તો તારા ઘરે આવી દવા પીને મરી જઈશ અને તારા ઘરનાને જેલમાં પુરાવી દઈશ અને તને જાનથી મારી નાખીશ. મારા માતા પિતા અભણ હોય મે મારા મોટા પિતા અંબાલાલને આ બાબતની જાણ કરેલ અને મારા મોટા પિતાને બધી વિગત કહેતા તેઓએ આ બાબતની ખાત્રી કરવા જણાવેલ અને ત્યારબાદ મારા પિતાને લઈને હું ખેડા પો.સ્ટે. આવેલી અને બનાવની ફરીયાદ તા.૧૮/૧૨/૨૦૦૮ ના રોજ આપેલ. મારા મોટા પિતાએ બનાવ બાબતની ખાત્રી કરતા જણાવેલ કે ખોટું લગ્ન રજીસ્ટર થયેલ હોવાનું જણાવેલ તે કઈ જગ્યાએ થયેલ તે જણાવેલ નહી. આ લગ્ન રજીસ્ટર થયેલ હોય કે જાહેર થયેલ હોય તે મારા ધ્યાનમાં નથી. સંજયભાઈએ જે લગ્ન રજીસ્ટર કરેલ તે મારી મરજીથી થયેલ નહી. સદર કામના આરોપીઓને હું ઓળખું છું જે આજરોજ કોર્ટમાં હાજર છે.

મને અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવું છું જે રજુ દાખલ **આંક–૬૭** આપવામાં આવે છે.

બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર ફરીયાદી જણાવે છે કે, મે નર્સીંગના કલાસ ખેડા ખાતે કરેલ જે મે તા.૦૧/૦૭/૨૦૦૫ થી ૩૧/૧૨/૨૦૦૫ સુધી કરેલ. હું કલાસીસ કરતી હતી ત્યારે મારા ગામથી અપડાઉન કરતી હતી. એ વાત ખરી નથી કે અપડાઉન કરતી હતી તે સમય દરમ્યાન મારે સંજયભાઈ સાથે ઓળખાણ અને પરિચય થયેલ. સાહેદ જણાવે છે કે ઓળખાણ પાછળથી થયેલ તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ હું આરોપી સાથે નડીઆદ જવા સવારના અગીયાર કલાકે નીકળેલી અને બારથી સાડા બાર વાગે નડીઆદ પહોચેલા. અમે નડીઆદ પંદરથી વીસ મીનીટ રોકાયેલ. મે સ્ટેમ્પ ખરીદેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે રૂ.૨૦/– નો સ્ટેમ્પ મારી સહી કરી સ્ટેમ્પ વેન્ડર રાજેશ્રી એચ.ભટ્ટ પાસેથી ખરીદેલ. હું નડીઆદથી પરત મારા ઘરે આશરે બે થી અઢી વાગે આવેલ. હું નવચેતન વિદ્યાલય લીંબાસીમાં ભણતી હતી હું લીંબાસીથી સ્કુલમાં જતી હતી ત્યારે એકલી જતી હતી મારી સાથે બીજા કોઈ વિદ્યાર્થીઓ હતા નહી. તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ હું બે થી અઢી વાગે ઘરે પહોચી ગયેલ હોવાથી મારા પિતાએ ઘરે વહેલા આવવા બાબતે પુછેલ અને મે જણાવેલ કે સંજયભાઈ સાથે નોકરી બાબતે ગયેલી. એ વાત ખરી છે કે સંજયભાઈ ખેતીની મજુરી કરતા હતા. એ વાત ખરી છે કે મારા કાકા મામલતદાર કચેરી નડીઆદ ખાતે નોકરી

કરતા હતા. મે મારા કાકાને નોકરી જોઈતી હોય અને મને નોકરી અપાવો તે વાત કરેલ નહી. મારા કાકા નડીઆદ મામલતદાર ઓફીસમાં નોકરી કરતા હતા તથા સરદાર પટેલ ભવન નજીક છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે તા.૧૪/૧૨/૨૦૦૮ ના રોજ મારો અને સંજયનું લગ્ન થયેલ છે તેવુ પેપરમાં આવતા મારા કાકાને ખબર પડેલ અને મારા કાકા મને તેમના ઘરે લઈ ગયેલ. એ વાત ખરી નથી કે તેમના ઘરે લઈ ગયા પછી મને કોઈ જગ્યાએ બહાર નીકળવા દેતા નહી. એ વાત ખરી નથી કે તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ મને મારા કાકા ઘર બહાર નીકળવા દેતા ન હોય કે સંજયભાઈને મળવા દેતા ન હોય જેથી સર્ચ વોરન્ટની અરજી કરેલ. એ વાત ખરી છે કે સર્ચ વોરન્ટની અરજી થયા બાદ વકીલની સલાહ લઈ હું તથા મારા કાકા ફરીયાદ આપવા પો.સ્ટે. ગયેલ. એ વાત ખરી નથી કે વકીલ સાહેબની સલાહ મુજબ મારા કાકાએ પોલીસ ફરીયાદ લખાવેલ. સાહેદ જણાવે છે કે મે મારી જાતે લખાવેલ. મે જે સહી કરેલ તે કાગળો કોરા હતા આ કોરા કાગળોમાં મે બે થી ત્રણ સહીઓ કરેલી. હું સંજયભાઈ સાથે નડીઆદ એક જ વખત ગયેલી. એવાત ખરી નથી કે આ લગ્ન વાવડી મુકામે થયેલા. મને એ વાતની ખબર નથી કે મારી સહી સાથેનું લગ્ન નોંધણીનું ફોર્મ વાવડી મુકામે તલાટી રૂબરૂ રજુ થયેલું. એ વાત ખરી નથી કે આ લગ્ન નોંધણીના ફોર્મમાં એગ્રીમેન્ટ ટીકીટ લગાવેલ તેના પર મે સહી કરેલ. એ વાત ખરી નથી કે તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ જોગણી માતાના મંદીર ફુલહાર વિધીથી અમારા લગ્ન થયેલ. એ વાત ખરી નથી કે આ લગ્ન રાજેન્દ્રભાઈ

ગોવિંદભાઈ દવેએ કરાવેલ. એ વાત ખરી નથી કે આ લગ્ન શનાભાઈ પોપટભાઈ ચૌહાણ તથા ભરતભાઈ ઈશ્વરભાઈ સાક્ષી રૂબરૂ થયેલ. મને એ વાતની ખબર નથી કે આ લગ્નની નોંધણી તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજની કરાવેલ. એ વાત ખરી નથી કે તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ નડીઆદ મુકામે રાજશ્રીબેનના ત્યાથી સ્ટેમ્પપેપર ખરીદેલ. મે આવા સ્ટેમ્પ અત્યારસુધી જોયેલા નથી. આવા સ્ટેમ્પ પર મારી સહી હોય અને તે કોર્ટમાં બતાવતા મે ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી. આ લગ્ન રજીસ્ટર વખતે મે પાસપોર્ટ સાઈઝનો ફોટો, જન્મનો દાખલો, રેશનકાર્ડ આપેલ. સાહેદ જણાવે છે કે આ દસ્તાવેજો મે મારી નોકરી બાબતે આપેલા. મે સ્કુલમાંથી બોનાફાઈડ સર્ટી કઢાવેલ નથી અને આ બોનાફાઈડ સર્ટીફીકેટ લગ્ન રજીસ્ટરમાં આપેલ હોય તેવુ બનેલ નથી. એવાત ખરી નથી કે લગ્ન રજીસ્ટર કરાવવા નવચેતન લીંબાસી વિદ્યાલયમાંથી બોનાફાઈડ સર્ટી કઢાવેલ અને તે લગ્ન રજીસ્ટર કરાવવા આપેલ અને તેમા મારી સહી પણ છે. એ વાત ખરી નથી કે રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેએ લગ્નનું પ્રમાણપત્ર આપેલ તેમા પણ મારી સહી છે. એ વાત ખરી નથી કે લગ્ન રજીસ્ટર કરાવવા સોગંદનામા કરાવવા હું બાગેશ્વરી સોલંકીના ઘરે નડીઆદ ગયેલી. એ વાત ખરી નથી કે નોટરીએ મારું સોગંદનામું કરી ચોપડામાં મારી સહી લીધેલ. મે માતંગી ડીજીટલ ફોટો સ્ટુડીઓ જોયેલ નથી. એ વાત ખરી નથી કે મે માતંગી ડીજીટલ ફોટો સ્ટુડીઓમાં તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ ફોટો પડાવેલ અને સંજયભાઈએ પણ ફોટો પડાવેલ. હું કયારેય કોઈ દિવસ સ્ટેમ્પ

ખરીદીને લાવેલ નથી. એ વાત ખરી નથી કે મને મારા પિતા કરતા મારા મોટા પિતાની વધારે બીક લાગે. એ વાત ખરી છે કે મે ફરીયાદમાં કોરા કાગળમાં સહીઓ લીધેલ હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે સંજયભાઈએ દવાખાનામાં નોકરી અપાવવાની વાત કરેલી તેવી કોઈ હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. હું એન.બી.ડાભી વકીલને ઓળખતી નથી. આ લગ્ન અંગેના સોગંદનામામાં એન.બી.ડાભી વકીલે મારી ઓળખાણ આપેલ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે લગ્ન અંગેના સોગંદનામામાં એન.બી.ડાભી વકીલે મારી ઓળખાણ આપેલ છે. એ વાત ખરી નથી કે મારા કાયદેસરના લગ્ન આરોપી નં.૧ સંજયભાઈ સાથે થયેલા પરંતું મારા ઘરના માણસોની બીકના કારણે ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ કે દવાખાનામાં નોકરી આપવાની વાત કરેલી અને સંજયભાઈએ મારી પાસે રેશનકાર્ડની નકલ, જન્મનો દાખલો, પાસપોર્ટ સાઈઝના ફોટો આપેલ તે હકીકત ખોટી જણાવુ છું. એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ છે કે હું લીંબાસી નીશાળ જવા નીકળેલ અને લીંબાસી બસસ્ટેન્ડમાં ઉભી હતી ત્યારે હાલ કોર્ટમાં હાજર આરોપીઓ લીંબાસી બસ સ્ટેશને હતા અને આરોપી સંજયભાઈએ મને જણાવેલ કે ચાલ તને નોકરી અપાવી દઉ તેમ કહી નડીઆદ સરદાર પટેલ ભવનમાં લઈ ગયેલા. આ સમયે આ ત્રણેય જણા હાજર હતા પછી સરદાર પટેલ ભવનમાં ગાડીના પાર્કીંગમાં મારી સહી કરાવેલી અને મને જોવા કે વાંચવા દીધેલ ન હોય ઉપર કાગળ મુકેલ હતા

શેની સહીઓ કરાવેલ તેની મને ખબર નથી અને દસ દિવસ બાદ આરોપી સંજયભાઈનો મારા પર ફોન આવેલ અને મને જણાવેલ કે આપણા લગ્ન થઈ ગયેલ છે અને તારા કપડા તૈયાર રાખ અને આ સંજયભાઈએ એવુ જણાવેલ કે જો તુ મારી સાથે નહી આવે તો તારા ઘરે આવી દવા પીને મરી જઈશ અને તારા ઘરનાને જેલમાં પુરી દઈશ અને તને જાનથી મારી નાખીશ તે હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી નથી કે મારા મોટા પિતાએ જણાવેલ તે મુજબ જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે કાયદેસરના લગ્ન થયેલ હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

૧૩. આ કામમાં **આંક–૬૮ થી સાહેદ રતીલાલ વાલાભાઈ રોહીતને** તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૧૮/૧૨/૨૦૦૮ ના રોજ મારા મોટાભાઈએ મને ફોન કરી જાણ કરેલ કે સંજયભાઈએ નોકરીની લાલચ આપી મારી દીકરી દીપીકાબેનને ફસાવેલ હોવાનું જણાવેલ અને સંજયભાઈએ મારી દીકરીને જણાવેલ છે તે નર્સીંગનો કોર્ષ કરેલ છે અને તેને નોકરી આપવાની વાત કરેલી અને મારી દીકરીને ફસાવેલ અને ખોટું લખી દીધેલ જેથી મે ફરીયાદ લખાવેલી. આ સંજયે નોકરીની લાલચ આપી ખોટુ કરેલ જેથી મે ફરીયાદ આપેલ. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેવામાં આવેલ વિગતવાર

ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મારા ભાઈ અંબાલાલ પુરવઠા ખાતામાં મામલતદાર તરીકે જે તે વખતે નોકરી કરતા હતા. એવાત ખરી નથી કે મારી દીકરી દીપીકા તથા સંજય લગ્નગ્રંથીથી જોડાયેલ હોવાનું પેપરમાં આવેલ. એ વાત ખરી છે કે મારી દીકરીએ કયા કયા ફોર્મમાં કઈ કઈ જગ્યાએ કયા કયા સહીઓ કરેલી તેની મને જાત માહિતી નથી.

૧૪. આ કામમાં **આંક–૬૯ થી સાહેદ ઈલાબેન રતીલાલ રોહીતને** તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, મારે સંતાનમાં બે દીકરીઓ અને એક દીકરો છે જેમાથી સૌથી મોટી દીપીકા છે જે ધોરણ ૧૨ સુધી ભણેલ છે અને નર્સીંગના કલાસ કરેલ છે. લલ્લુભાઈ માવજીભાઈ મારા કુંટુંબી દાદા થાય છે જેઓ લીંબાસી મુકામે રહે છે. સંજયભાઈ જેઠાભાઈ મકવાણાનાઓ લલ્લુભાઈ માવજીભાઈના ભાણા થાય છે અને તેઓ બામરોલી મુકામે રહે છે અને આ મારા કાકા સસરા થાય છે. સંજયભાઈ અમારા ઘરે મજુરી કામે આવતા હતા અને મારી દીકરીએ નર્સીંગનો કોર્ષ કરેલ હોય સંજયભાઈએ નોકરીની લાલચ આપેલી. આ સંજયભાઈ નડીઆદ સરદાર ભવન પાર્કીંગમાં કોરા ફોર્મમાં સહીઓ કરાવેલ અને મારા જેઠનો તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ મારા ઉપર ફોન આવેલ અને કહેલ કે દીપીકાએ લગ્ન કરી દીધેલ છે જે બાબતની મારી

દીકરીએ ખેડા ટા.પો.સ્ટે. ફરીયાદ આપેલ. મારી દીકરીએ સંજયભાઈ સાથે લગ્ન કરી દીધેલ તે બાબતે મારા જેઠે ફોનથી જણાવેલ અને લગ્ન કરેલ અંગેનો કોરા ફોર્મમાં સહીઓ કરી તે મને બતાવેલા જે કોમ્પ્યુટર સ્કેન કરેલ હતા. આ લગ્નના ફોર્મમા ભરતભાઈ શનાભાઈ અને ગોકળભાઈ ઈશ્વરભાઈનાઓની સાક્ષીમાં સહીઓ હતી. આ લોકોને પણ અમારા કુટુંબી હોય તેઓ લીંબાસી હોય તે રીતે ઓળખીએ. શનાભાઈ પોપટભાઈ બામરોલીના રહેવાસી છે અને ભરતભાઈ ઈશ્વરભાઈ દાવડાના રહેવાસી છે. સંજયભાઈએ મારી દીકરીને ફોનમાં જણાવેલ કે તુ મારી સાથે લગ્ન નહી કરે તો હું તારા ઘરે આવીને દવા પીને મરી જઈશ અને તારા માતા પિતાને જેલમાં મોકલીશ. આરોપીઓને હું ઓળખું છું જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે સંજયભાઈ તથા દીપીકાબેનના લગ્નની જાણ સૌ પ્રથમ પેપર ધ્વારા અમને થયેલ. કઈ તારીખના પેપરમાં આવેલ તે તારીખ હાલ ખબર નથી. એ વાત ખરી છે કે આ ફરીયાદ કરેલી તે પહેલા પેપરમાં આવેલ જેથી મારા જેઠે ફોન કરી અમને જાણ કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પેપરમા આવ્યા પહેલા જાણ કરેલી. મારી દીકરી નડીઆદ ગઈ તે દિવસે સવારે અગીયાર વાગે ગયેલ અને પરત સાંજના ચાર વાગે આવેલ. મારી દીકરી ઘરેથી ગઈ ત્યારે કોઈ દસ્તાવેજ લઈને ગયેલ નથી. એ વાત ખરી છેકે મારા જેઠનો દીકરો દસ્તાવેજ બનાવવાની ઓફીસમા નોકરી કરે છે તેની

ઓફીસ સરદાર ભવનની બાજુમા કલેકટર કચેરીમાં છે. એ વાત ખરી છે કે અંબાલાલભાઈ મામલતદાર તરીકે નડીઆદમા નોકરી કરે છે અને બનાવ બન્યો ત્યારે પણ નોકરી કરતા હતા. એ વાત ખરી છેક` મે જણાવેલ તમામ હકીકત મારા જેઠે જણાવેલી. એ વાત ખરી નથી કે મારા જેઠનો ફોન આવેલ ત્યારે મારી દીકરી મારા જેઠના ઘરે હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છેકે મારી દીકરી મારી સાથે હતી. એ વાત ખરી નથી કે લગ્નની નોંધણી વાવડી મુકામે થયેલ. એ વાત ખરી નથી કે મારી દીકરીએ તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ લગ્નની નોંધણી નોટરીશ્રી વાઘેશ્વરીબેન પી.સોલંકીને ત્યા કરાવેલ. એ વાત ખરી નથી કે મારી દીકરીએ નોટરીના ચોપડામાં પણ સહીઓ કરેલી. એ વાત ખરી નથી કે સોગંદનામામાં મારી દીકરીની ઓળખાણ મહેન્દ્રભાઈ સોલંકીએ આપેલ. મે લગ્નનું ફોર્મ જોયેલ. એ વાત ખરી નથી કે લગ્નના ફોર્મમાં દીપીકાબેન રતીલાલ રોહીત લખેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છેક દીપીકાબેન રતીલાલ ભોઈ લખેલ હતું. એ વાત ખરી છે કે લગ્નનું સ્થળ વાવડી લખેલ હતું. એ વાત ખરી નથી કે કોરા ફોર્મમાં સહીઓ કરાવેલ તે હું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે કોમ્પ્યુટર સ્કેન કરેલ ફોટો તે હકીકત ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે સંજયભાઈએ નોકરીની લાલચ આપેલ તે હકીકત ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે મારી દીકરીએ કાયદેસર સંજયભાઈ સાથે લગ્ન કરેલ હોવા છતા મારા જેઠના કહેવાથી ખોટી ફરીયાદ કરેલ અને ખોટી જુબાની આપુ છું.

૧૫. આ કામમાં **આંક–૭૧ થી સાહેદ અંબાલાલ વાલાભાઈ રોહીત**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૦૯/૧૨/૨૦૦૮ ના રોજ મારી ભત્રીજી દીપીકા મારા ઘરે આવેલ અને મને જણાવેલ કે બામરોલીના સંજયભાઈ જેઠાભાઈ રોહીતનાઓએ નોકરી આપાવુ તેમ કહી નોકરીને લગતા કાગળો માંગેલ જે મે આપેલ તેવુ દીપીકાબેને જણાવેલ અને નડીઆદ મુકામે સરદાર ભવનમાં દીપીકાબેનને લઈ ગયેલ અને ગાડી પાર્કીંગમાં કોરા ફોર્મમાં સહી ઓ કરાવેલી અને દીપીકાબેનને સહીઓ કરેલ તેમ જણાવેલ. ત્યારબાદ સંજયભાઈએ દીપીકાબેનને ફોન કરી જણાવેલ કે તુ કપડા તૈયાર રાખજે હુ તને લેવા આવીશ તો દીપીકાબેને જણાવેલ કે કપડા કેમ તૈયાર રાખવાના તો સંજયે ફોન પર જણાવેલ કે આપણા બંનેના લગ્ન થઈ ગયેલ છે તેવુ કહી ફોન મુકી દીધેલ અને ત્યારબાદ બીજીવાર ફોન આવેલ અને સંજયભાઈએ જણાવેલ કે તુ મારી સાથે નહી આવે તો હું લીં બાસી તારા ઘરે આવી દવા પીને મરી જઈશ અને તારા માતા પિતાને જેલમાં પુરાવી દઈશ તથા તને જાનથી મારી નાખીશ તેવુ દીપીકાબેને મને જણાવેલ. જેથી મે તેને આશ્વાસન આપેલ. બીજા દિવસે લગ્ન રજીસ્ટરની ખાત્રી કરતા મે લગ્ન રજીસ્ટરનું પ્રમાણપત્ર મેળવેલ આ બાબતે અમારા કૌટુંબીક ભાઈ જગદીશભાઈ હીરાભાઈ રોહીત રહે. લીંબાસીનાઓને ફોનથી હકીકત જણાવેલ અને તેઓને ખાત્રી કરવા જણાવેલ જેથી તેઓએ તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ લગ્ન રજીસ્ટરના કાગળો લાવેલ જે મે તથા જગદીશભાઈએ ખાત્રી કરતા દીપીકાબેન

તથા સંજયના લગ્ન વિધી અંગેનો કોમ્પ્યુટરાઈઝ ફોટો તથા નોટરીના સહી વગરના કાગળો તથા લગ્ન યાદીમાં જણાવેલ પોપટભાઈ ચૌહાણ, રહે. દાવડા તથા ભરતભાઈ ઈશ્વરભાઈ રોહીત રહે. પલાણાનાઓની સાક્ષીમા સહી કરી આ લગ્ન રજીસ્ટર મારી ભત્રીજી દીપીકાબેનની જાણ બહાર તથા તેની મરજી વિરૂધ્ધ સંજયભાઈએ કરાવેલ હોય ખેડા ટા.પો.સ્ટે. માં અમો દીપીકાબેન સાથે ગયેલ અને દીપીકાબેને ફરીયાદ આપેલ. આ કામના આરોપીઓને હું ઓળખું છું જેમા આજરોજ સંજયભાઈ કોર્ટમાં હાજર છે અને બીજા કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષને તેઓની ઓળખ અંગે તકરાર નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, આ બનાવ બન્યો ત્યારે હું કલેકટર ઓફીસ નડીઆદ ખાતે પુરવઠા નિરીક્ષક તરીકે ફરજ બજાવતો હતો. મે લગ્ન રજીસ્ટરનું પ્રમાણપત્ર, લગ્ન રજીસ્ટરની યાદી, લગ્ન રજીસ્ટરનું ફોર્મ તથા તેના બીડાણ સોગંદનામું, લગ્ન અંગેના ફોટા, પંચોના સોગંદનામા વગેરે મંગાવેલ. એ વાત ખરી છે કે લગ્ન રજીસ્ટરના ફોર્મ પર એગ્રીમેન્ટનો સ્ટેમ્પ લગાવી તેના પર સહી કરવી પડે. એ વાત ખરી નથી કે સોગંદનામાનો સ્ટેમ્પ દીપીકાબેને ખરીદેલ અને ખરીદનાર તેમની સહી કરેલી છે. આ સ્ટેમ્પ કોની જોડેથી ખરીદેલ તે યાદ નથી. એ વાત ખરી છે કે સોગંદનામું નોટરી બાગેશ્વરીબેન સોલંકીએ કરેલ. એ વાત ખરી છે કે સોગંદનામામા ઓળખ આપનાર તરીકે એન.બી.ડાભી

વકીલની સહી હતી. એ વાત ખરી છે કે લગ્ન યાદી મોકલવાની સહીઓમાં દીપીકાબેનની સહી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કોરા ફોર્મમાં સહીઓ કરાવેલી. એ વાત ખરીછ`ેક` મે જોયેલ ત્યારે આ ફોર્મ પ્રિન્ટેડ હતું. એ વાત ખરી છે કે મેમોરેન્ડમ ઓફ મેરેજમાં બ્રાહમણ તથા બે સાક્ષીની સહી હતી દીપીકાબેન તથા સંજયભાઈની સહી હતી. એ વાત ખરી છે કે મે ફોર્મ જોયુ ત્યારે આ ફોર્મ સંપુર્ણ હકીકત લખેલ હતી. એ વાત ખરી છેક` આ ફોર્મમાં દીપીકાબેનનો જન્મનો દાખલો ન હોય બોનાફાઈડ સર્ટી રજુ કરેલ. આ બધા દસ્તાવેજો મે લગ્ન રજીસ્ટરની કચેરીથી મારા કૌટુંબીક ભાઈ મારફતે કઢાવેલ. હું વાવડી મુકામે ગયેલ ન હોય રજીસ્ટરમાં સંજયભાઈ તથા દીપીકાબેનની સહી કરેલ કે કેમ તે હું કહી શકું નહી. હું એ વાત કહી શકું નહી કે દીપીકાબેન નોટરી રૂબરૂ ગયેલ કે કેમ અને સોગંદનામામાં અને ચોપડામા સહી કરેલ છે કે કેમ. હું લગ્ન કરાવનાર બ્રાહમણને મળેલ નહી અને લગ્ન બાબતે કોઈ પુછપરછ કરેલ નહી. હું લગ્ન અંગેના સાક્ષીઓને મળેલ નહી કે પુછપરછ કરેલ નહી. મને એ વાતની ખબર નથી કે પેપરમાં જાહેરાત આવ્યા બાદ સંજયભાઈએ સર્ચ વોરન્ટ કઢાવેલ. મને એ વાતની ખબર નથી કે સર્ચ વોરન્ટ કઢાવેલ તેમા દીપીકાબેનને કોર્ટમાં બોલાવેલ અને તેમનો જવાબ લેવામાં આવેલ. એ વાત ખરી છેક` સંજયભાઈએ લગ્નના હકકો ભોગવવા માટે નડીઆદ સીવીલ કોર્ટમાં અરજી કરેલ. તા.૦૯/૧૨/૨૦૦૮ ના રોજ દીપીકાબેન મારા ઘરે આવેલ ત્યારથી તા.૧૮/૧૨/૨૦૦૮ ની

ફરીયાદ કરેલ ત્યા સુધી મારા ઘરે રહેલા. એ વાત ખરી નથી કે દીપીકાબેને કાયદેસર સંજયભાઈ સાથે લગ્ન કરેલ હોવા છતા ખોટુ દબાણ કરી હાલની ખોટી ફરીયાદ કરાવેલી છે. એ વાત ખરી છે કે દીપીકાબેન નર્સીંગનો કોર્ષ કરવા ખેડા આવતા હતા. મારા બે દીકરા છે અને તેમાથી એક ટોરેન્ટ કંપનીમાં નોકરી કરે છે અને બીજો અરજીઓ લખવાનું કામ કરે છે જે નડીઆદ કલેકટર કચેરી ખાતે કામ કરે છે. એ વાત ખરી નથી કે આ લગ્ન થયુ તે વખતે હું મામલતદાર તરીકે નોકરી કરતો હતો અને તલાટી મારા હાથ નીચે આવે છે. સાહેદ જણાવે છે કે હું પુરવઠા નિરીક્ષક તરીકે નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે દીપીકાબેને તા.૩૦/૧૧/૨૦૦૯ ના રોજ લગ્ન કર્યા બાદ સંજયભાઈ પાસે છુટાછેડા મેળવવા એચ.એમ.પી. દાખલ કરેલી. એ વાત ખરી છે કે આ લગ્ન રદબાતલ કરાવવાની અરજી નડીઆદથી ખેડા કોર્ટમાં ટ્રાન્સફર થઈ આવેલ અને હાલમાં તે ચાલુ છે. એ વાત ખરી છે કે આ સંજયભાઈ મજુરી કામકાજ કરતો હતો નોકરી કરતો ન હતો. એ વાત ખરી નથી કે સંજયભાઈ નોકરી ધંધો કરતો ન હોવાથી દીપીકા સાથે લગ્ન કરેલ તે મને પસંદ ન હતું તેથી ખોટી ફરીયાદ કરેલ છે. હું એન.બી.ડાભી વકીલને મળેલ નહી. દીપીકાબેન ખરેખર સોગંદનામુ કરવા ગયેલ કે કેમ તે બાબતે એન.બી.ડાભી વકીલ પાસેથી મે તપાસ કરેલ નહી અને લગ્ન બાબતે વાવડીના તલાટી કમમંત્રી પાસે પુછપરછ કરેલ નહી. દીપીકાબેને ૯ તારીખે જણાવેલ અને તેના બીજા દિવસે મે તપાસ કરેલી. એ વાત ખરી છેક` દરેક ગામમાં દરેક

તલાટી કમમંત્રીને લગ્ન રજીસ્ટર કરવાની સત્તા છે અને ત્યા લગ્ન રજીસ્ટર થાય છે. મે તલાટીને ફોનથી પુછપરછ કરેલ તલાટીએ મને લગ્ન રજીસ્ટર થયેલા હોવાનું જણાવેલ. એ વાત ખરી છેકે લગ્ન રજીસ્ટર કરવા તલાટીએ છોકરો છોકરી, સાક્ષી તથા બ્રાહ્મણની તેમના રૂબરૂ સહીઓ લેવી પડે. એ વાત ખરી છે કે રૂબરૂ સહીઓ લીધા બાદ લગ્ન રજીસ્ટર અંગેના રજીસ્ટરમાં તેઓની સહીઓ લે છે. મે કે દીપીકાબેને વાવડીના તલાટી સામે ખોટું લગ્ન રજીસ્ટર કરવા બાબતે કોઈ ફરીયાદ કરેલી નહી. એ વાત ખરી નથી કે સંજયભાઈએ દીપીકાબેનને દવા પીને મરી જવાનું અને જેલમાં પુરાવી દેવાની ધમકી આપેલ તે હું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે તા.૦૯/૧૨/૨૦૦૮ ના રોજ દીપીકાબેને મને લગ્ન અંગેની હકીકત જણાવેલ તે ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે કોરા ફોર્મમાં સહીઓ કરાવેલ તે હું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે સંજયભાઈએ તારા માતા પિતાને જેલમાં પુરાવી દેવાની ધમકી આપેલ અને દીપીકાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે લગ્નની ખાત્રી કરતા દીપીકાબેન તથા સંજયના લગ્નવિધી અંગેના કોમ્પ્યુટરાઈઝ ફોટો તથા નોટરીના સહી વગરના કાગળો અને લગ્ન યાદીમાં જણાવેલ શનાભાઈ પોપટભાઈ ચૌહાણ રહે. દાવડા તથા ભરતભાઈ ઈશ્વરભાઈ રોહીત રહે. પલાણાનાઓએ સાક્ષીમા સહી કરેલ હોવાનુ ખોટું જણાવેલ. કોમ્પ્યુટરાઈઝ ફોટો અંગે પોલીસે તપાસ કરેલી અમોએ જાતે તપાસ

કરેલી નહી. એ વાત ખરી નથી કે હું નાયબ મામલતદાર હોઈ પોસ્ટ આધારે ખોટી ફરીયાદ દાખલ કરેલી છે.

૧૬. આ કામમાં **આંક–૭૮ થી સાહેદ નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું સને ૨૦૦૯ ની સાલમાં નડીઆદ નવા બસસ્ટેન્ડ આગળ માતંગી ફોટો સ્ટુડીઓના નામથી ફોટોગ્રાફીનો ધંધો કરતો હતો ત્યારે મારા ફોટો સ્ટુડીઓમાં કોર્ટમાં હાજર આરોપી નં.૧ સંજયભાઈ એક છોકરી સાથે આવેલ જેઓએ મને એવુ કહેલ કે અમારા બંનેના કપલ ફોટા પાડવાના છે. આ બંને જણા હાર પહેરીને આવેલ હતા જેમનો મે ફોટો પાડેલ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ વાળો ફોટો બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે મારા સ્ટુડીઓમાં પાડવામાં આવેલ ફોટો છે આ ફોટામાં કોઈ જ સુધારો વધારો કરવામાં આવેલ નથી તે મુળ સ્થિતીમાં છે. સાહેદ સદર ફોટો તેમની સ્ટુડીઓમાં પાડેલ હોવાનું કબુલ રાખતા હોય તેને આ કામે **આંક–૭૯** આપવામાં આવે છે. આ ફોટો શા માટે પાડેલ તેવું મને જણાવેલ નહી. મને ફકત કપલ ફોટો પાડવાનું જણાવેલ. આ ફોટો સંબંધે પોલીસે મારી સ્ટુડીઓમાંથી મારું સી.પી.યુ. કબજે લીધેલ. પોલીસે મારું સી.પી.યુ. લેબમાં મોકલવા લીધેલ જે મારા સી.પી.યુ.માંથી સદર ફોટો પાડેલ કે કેમ તે ચેક કરવા કબજે લીધેલ. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ

છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે પોલીસે મારું નામ સરનામું પુછેલ તે સીવાય બીજું કંઈ પુછેલ નહી કે પોલીસને મે કંઈ લખાવેલ નથી. એ વાત ખ્યાલ નથી કે પોલીસ સાથે મામલતદાર જે છોકરીના કાકા થાય છે તેઓ આવેલા. એ વાત ખરી છે કે મે મારો સ્ટુડીઓ ઘણા સમયથી બંધ કરી દીધેલ છે. એ વાત ખરી છે કે હું મારા સ્ટુડીઓમાં ફોટો ડીજીટલ બનાવતો ન હતો ફકત ફોટો પાડીને આપી દેતો હતો. એ વાત ખરી છે કે આરોપી સંજયભાઈ મારી પાસે ડીજીટલ ફોટો બનાવવા આવેલ નથી કે મે તેમને કોઈ ડીજીટલ ફોટો બનાવી આપેલ નથી.

૧૭. આ કામમાં **આંક–૮૦ થી સાહેદ કલ્પેશભાઈ બાબુભાઈ પ્રજાપતિ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું સને ૨૦૦૮ માં નડીઆદ બસસ્ટેન્ડ આગળ માતંગી ફોટો સ્ટુડીઓમાં કોમ્પ્યુટર ઉપર કામ કરતો હતો. આ માતંગી ફોટો સ્ટુડીઓ નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલની માલિકીનો હતો. કોર્ટમાં હાજર આરોપી પૈકી આરોપી સંજયભાઈ અમારા સ્ટુડીઓમાં આવેલ અને તેમની એક બેન હતી. આ સંજયભાઈએ આવીને ફોટો પાડવાનું કહેલ જે બંને જણા હાર પહેરીને આવેલ હતા તે હારવાળો ફોટો પાડવાનું કહેતા મારા શેઠ નરેન્દ્રભાઈએ ફોટો પાડેલ. આ સંજયભાઈ તથા

તેમની સાથે આવેલ બેન સિમ્પલ કપડામાં હતા. તેઓનો ફોટો પાડયા બાદ લગ્નના ફોટોમાં તેમના ચહેરા ફીટ કરી તેમનો ફોટો બનાવેલ. મને **આંક–૭૯** થી રજુ ફોટોગ્રાફ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે આ ફોટોના બેકગ્રાઉન્ડમાં લગ્નનું મોયરું સેટ કરેલ છે આ ફોટોમાં જે મોયરું સેટ કરી લગ્નનો ફોટો બનાવેલ તે મે બનાવેલ. આ ફોટો બનાવવા મારા શેઠ નરેન્દ્રભાઈએ કહેલ. આ ફોટો સંબંધે પોલીસ અમારા સ્ટુડીઓમા આવેલ અને અમારું કોમ્પ્યુટર લઈ ગયેલ. અમે જે ફોટા પાડીએ છીએ તેનો ડેટા હાર્ડડીસ્કમાં રાખીએ છીએ જે મહીનો દોઢ મહીનો રાખીએ છીએ. આ ફોટો પડાવનાર સંજયભાઈને જોયેથી ઓળખુ છું જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તે જ છે. આ ફોટો પાડયા બાદ સંજયભાઈ તથા ફોટોમાં જણાવેલ બેન અમારા ફોટો સ્ટુડીઓની ઉપર આવેલ બાગેશ્વરીબેન વકીલને ત્યા રજીસ્ટ્રેશન કરાવવા ગયેલ.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે ડીજીટલ ફોટો પાડયા બાદ તેમા કલર શેડ વગેરે સેટ કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢવામાં આવે છે. એ વાત ખરી છે કે અમારે ત્યા જે ફોટો પડાવવા આવેલ તે છોકરા છોકરી બંને સાથે આવેલ અને તે બંનેના સાથે ફોટા પાડેલ. એ વાત ખરી છે કે સંજયભાઈ એકલા આવીને અમારા ત્યા ફોટો પડાવી ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે ત્યા સંજયભાઈ તથા દીપીકાબેન આવેલ ત્યારે તેઓ હાર પહેરેલ હાલતમાં આવેલ. એ વાત ખરી છે કે આ બંને જણાનો હાર પહેરેલો ફોટો પાડેલ.

૧૮. આ કામમાં **આંક–૮૧ થી પંચ લાલજીભાઈ શાંતીભાઈ સીસોદીયા**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે આશરે દસ વર્ષ અગાઉ હું રીક્ષા લઈ ખેડા બસ સ્ટેન્ડ આગળ ઉભો હતો ત્યારે પોલીસ મારી પાસે આવેલ અને પોલીસે મને તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા મે સહી કરેલ. મને આજરોજ પંચનામાની નકલ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ **આંક–૮૨** આપવામાં આવે છે.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મે તૈયાર પંચનામામાં સહી કરેલી તે સીવાય બીજુ કંઈ જાણતો નથી. એ વાત ખરી છે કે મારી રૂબરૂ કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી.

૧૯. આ કામમાં **આંક–૮૭ થી સાહેદ રાજેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૩ માં પી.એસ.આઈ. તરીકે નડીઆદ ટ્રાફીકમાં ફરજ બજાવતો હતો તે વખતે તા.૧૩/૦૧/૨૦૦૯ ના રોજ ખેડા ટાઉનના પી.એસ.આઈ.નો ચાર્જ મારી પાસે હતો તે વખતે ખેડા ટા.પો.સ્ટે. સે.ગુ.ર.નં.૨૩૭/૨૦૦૮ ના ગુનાની તપાસ હે.કો. અબ્દુલભાઈ કાદરભાઈ પાસેથી અમોએ સંભાળેલ હતી જે તપાસના કામે તેઓએ કરેલ કાગળો વંચાણે લીધેલ જે દરમ્યાન તપાસના કામે સાહેદ

નરેન્દ્રભાઈ ડાહયાભાઈ પટેલ, રહે. નડીઆદના અમારા રૂબરૂના નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને આ તપાસના કામે તેઓના ફોટો સ્ટુડીઓમાંથી એક એલ.જી. કંપનીનું સી.પી.યુ. કબજે કરેલ જે આર્ટીકલ નં.૧ થી રજુ સી.પી.યુ. બતાવવામાં આવે છે જે સી.પી.યુ. મે સાહેદની સ્ટુડીઓમાંથી **આંક–૮૨** થી રજુ પંચનામાની વિગતે પંચનામું કરી કબજે કરેલ જે અસલ સી.પી.યુ. છે જે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું. સદર ગુનાની તપાસ ચાલુ હતી તે દરમ્યાન ખેડા ટા.પો.સ્ટે.ના પી.એસ.આઈ. ડી.કે.રાવ હાજર થતા આગળની તપાસ તેઓને કાગળો સાથે સોંપેલ.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે કબજે કરેલ સી.પી.યુ. ઉપર લગાવેલ કાપલીમાં પંચોની કોઈ સહી નથી. એવાત ખરી છે કે માતંગી સ્ટુડીઓ નરેન્દ્રભાઈ ડાહયાભાઈના નામે આવેલ હોય તે અંગે મે તપાસના કામે મેળવી મે આ કામે રજુ રાખેલ નથી.

૨૦. આ કામમાં **આંક–૭૫ થી સાહેદ જગદીશકુમાર હીરાલાલ રોહીત**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, રતીભાઈ વાલાભાઈ રોહીત અને અંબાલાલ વાલાભાઈ રોહીત મારા કુટુંબી ભાઈ થાય છે. રતીલાલભાઈને ત્રણ સંતાનો છે બે દીકરી તથા એક દીકરો પ્રીત હતો. દીપીકાબેન દસ ધોરણ સુધી ભણેલા અને નર્સીંગનો કોર્ષ કરેલ. તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ હું

લીંબાસી મુકામે હતો ત્યારે અંબાલાલનો મારી ઉપર ફોન આવેલ કે દીપીકાએ સંજય સાથે લગ્ન કરેલ છે અને તે બાબતે વાવડી મુકામે લગ્ન થયેલ છે કે કેમ તે બાબતે તપાસ કરવાનું કહેતા હું વાવડી મુકામે ગયેલ અને તલાટીને મળેલ અને મે આ લગ્ન નોંધણી બાબતે પુછતા તેઓએ લગ્ન રજીસ્ટર થયેલ છે તેની મે સર્ટીફાઈડ નકલો માંગેલી અને તેવખતે મે તલાટીને પુછેલ કે આ લગ્ન વખતે બંને પક્ષકારો હાજર હતા કે કેમ તથા હાજરીની જરુર છે કે કેમ તો તેમણે જણાવેલ કે મારે ડોકયુમેન્ટની જરૂર પડે પક્ષકારોની જરૂર પડે નહી અને આ દસ્તાવેજો સંજયભાઈ એકલા લઈને આવેલ તેની નોંધણી અધિકારીએ મને કહેલ અને આ દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલો મે કઢાવી અંબાલાલભાઈને આપેલ અને તેઓએ તેમના ભાઈને આપતા હાલના બનાવ બાબતે ફરીયાદ કરેલ. આ કામના સંજયભાઈને હું ઓળખુ છું જે મારા દુરના સંબંધી છે જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, હું એફ.વાય. બી.કોમ. સુધી ભણેલ છું અને ખેતી તથા કોમ્પ્યુટર જોબવર્ક કરું છું. આ કોમ્પ્યુટર જોબ હું માતર મુકામે કરુ છું. એ વાત ખરી છેકે સરકારી કચેરીઓમાં કોઈ અરજી કરવાની હોય તો તેવી અરજીઓનું કામ મારા કોમ્પ્યુટરમાં કરુ છું. હું મારા કામમાં કોઈપણ પ્રકારના એફીડેવીટ, લગ્ન અંગેના એફીડેવીટ તથા જરૂરીયાતમં દોએ તેમના લખાણ મુજબની આપેલ અરજીઓ ટાઈપ કરી આપુ છું. અંબાલાલભાઈએ શું ફરીયાદ આપેલ તે હું જાણુ છુ. એ વાત ખરી

છે કે આ લગ્ન કયારે થયા કોની રૂબરૂમાં થયા તે અંગેની મને જાત માહિતી નથી. એ વાત ખરી છેકે અંબાલાલભાઈના કહેવાથી લગ્નની નોંધણી અંગેનુ પ્રમાણપત્ર વાવડી મુકામેથી લાવેલ. એ વાત ખરી છે કે અંબાલાલભાઈએ મને વાવડી મુકામે લગ્નનું પ્રમાણપત્ર લેવા જવાનું જણાવેલ. એ વાત ખરી છે કે તલાટી કમમંત્રી વાવડીનાઓએ દીપીકાબેન અને સંજયભાઈના લગ્ન નોંધેલ છે જે અંગેનું રજીસ્ટર બતાવી પ્રમાણપત્ર કાઢી આપેલ. એ વાત ખરી નથી કે મે રજીસ્ટર જોયુ તેમા સંજયભાઈ દીપીકાબેન તથા સાક્ષીઓની સહીઓ હતી. એ વાત ખરી છે કે હું લગ્ન રજીસ્ટર વાવડીમાંથી મેળવેલ પ્રમાણપત્ર, સંજયભાઈ તથા દીપીકાબેનનું સોગંદનામું તથા લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર તથા દીપીકાબેન અને સંજયભાઈનો ઉંમર અંગેનો પુરાવો તથા તેમના ઓળખ અંગેના પુરાવા, સાક્ષીઓ તથા બ્રાહમણના ઓળખ અંગેના પુરાવા, લગ્ન અંગેના ફોટા તમામ કાગળો લાવેલ. મે દીપીકાબેનનુ સોગંદનામુ જોયેલ જેમા દીપીકાબેનની સહી હતી તે મે જોયેલ. લગ્ન યાદી મોકલવા અંગેની અરજી નમુના નં.૧ હું લાવેલ. મે આ નમુનો જોયેલ તેમા સંજયભાઈ તથા દીપીકાબેનની સહી હતી જે દીપીકાબેનની ઉંમર અંગેના પુરાવા હતા અને તેમા પણ દીપીકાબેનની સહી હતી. એ વાતની મને ખબર નથી કે બ્રાહમણ અંગેના પુરાવામાં દીપીકાબેનની સહી હતી. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમા જણાવેલ કે તલાટી કમમંત્રીએ જણાવેલ કે માત્ર સંજયભાઈ કાગળો લઈને આવેલ તેવી જણાવેલ હકીકત હુ ખોટી

જણાવું છું. એ વાત ખરી નથી કે લગ્ન રજીસ્ટર માટે માત્ર કાગળોની જ જરૂર પડે પક્ષકારોની જરૂર પડે નહી તેવી જણાવેલ હકીકત ખોટી જણાવુ છું.

૨૧. આ કામમાં **આંક–૯૧ થી ત.ક.અ. અબ્દુલકાદર ગફુરભાઈ વ્હોરા**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૮/૧૨/૨૦૦૮ ના રોજ આ કામના ફરીયાદી દીપીકાબેનનાઓએ ખેડા ટા.પો.સ્ટે. માં આવી ફરીયાદ આપેલ કે, લીં બાસી મુકામે રહેતા લાલજીભાઈનો ભાણીયો સંજયભાઈ જેઠાભાઈ રોહીત, રહે. બામરોલી રહેતા હોય અને ફરીયાદી બેનના સંપર્કમાં આવતા ફરીયાદી બેન ભણેલા હોય નોકરી શોધતા હોય એન આ કામના આરોપી સંજયભાઈએ નોકરી અપાવવાના બહાને નડીઆદ સરદાર ભવનમાં લઈ જઈ કોરા ફોર્મમાં સહી કરાવી તેમજ નડીઆદ માતંગી સ્ટુડીઓમાં આરોપીએ પોતે લગ્નના ફોટા તૈયાર કરાવી તેમજ વાવડી ગ્રામ પંચાયતમાં લગ્ન રજીસ્ટર નોંધણી કરાવી આરોપી નં.૨,૩ નાએ પોતાની રૂબરૂમાં લગ્ન રજીસ્ટર થઈ ગયેલ છે તેમ જણાવી લગ્ન રજીસ્ટર નોંધણી કરાવી અને ફરીયાદીબેનને આપણા લગ્ન થઈ ગયેલ છે તેમ જણાવી કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તે મતલબની ફરીયાદ આપેલ. જેથી આ કામે લાગતા વળગતા સાહેદો તથા સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ અને ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ કામે સી.પી.યુ. અમારા

જે તે વખતના પી.એસ.આઈ. આર.બી.દેસાઈનાએ કબજે કરેલ. તેઓએ તપાસણી સારું એફ.એસ.એલ.માં મોકલી આપેલ. આરોપીઓને જોયેથી ઓળખું છું જેમા આજરોજ આરોપી સંજયભાઈ અને શનાભાઈ નામ. કોર્ટમાં હાજર છે. આરોપી ભરતભાઈ આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી જેઓની ઓળખ અંગે તકરાર નથી. આ કામે અમોએ તપાસના કામે આરોપી સંજયભાઈનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા એક આખી સાઈઝનો ફોટો અસલ તપાસના કામે લીધેલ જે ફોટો રજુ દાખલ **આંક–૯૬** તથા ફરીયાદી દીપીકાબેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા આખી સાઈઝનો ફોટો અસલ રજુ દાખલ **આંક–૯૭.** તેમજ આ કામે વાવડી ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રી પાસેથી લગ્નની યાદી મોકલવા માટેની અરજી આર્ટીકલ નં.૨ થી રજુ છે જે અસલ રજુ દાખલ **આંક–૯૮.** તેમજ આ કામે આર્ટીકલ નં.૩ લગ્ન નોંધણી યાદીના બે ફોર્મ આ કામે અસલ કબજે લીધેલ જે રજુ દાખલ **આંક–૯૯.** તેમજ આ કામે આર્ટીકલ નં.૫ જે આરોપી સંજયભાઈ જેઠાભાઈ મકવાણાની એલ.સી.ની ઝેરોક્ષ આ કામે અમોએ તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૦.** તેમજ આ કામે આર્ટીકલ નં.૬ આરોપીના ઈલેકશનકાર્ડની ઝેરોક્ષ તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૧.** તેમજ આ કામે આર્ટીકલ નં.૭ ફરીયાદીના નવચેતન વિદ્યાલય લીંબાસીમાંથી મેળવેલ બોનાફાઈડ સર્ટીફીકેટની અસલ કોપી અમોએ તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૨.** તેમજ આ કામે આર્ટીકલ નં.૮ રાજેન્દ્રભાઈ ગોવિંદરામ દવેનાઓએ લગ્ન થયાનું

પ્રમાણપત્ર આપેલ જેની ઝેરોક્ષ નકલ આ કામે તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૩.** તેમજ આ કામે આર્ટીકલ નં.૯ દવે રાજેન્દ્ર ગોવિંદરામના ઈલેકશનકાર્ડની ઝેરોક્ષ નકલ આ કામે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૪**. તેમજ આ કામે આર્ટીકલ નં.૧૦ ચૌહાણ શનાભાઈ પોપટભાઈના ઈલેકશનકાર્ડની ઝેરોક્ષ નકલ આ કામે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૫**. તેમજ આ કામે આર્ટીકલ નં.૧૧ રોહીત ભરતભાઈ ઈશ્વરભાઈના ચીફ ઓફીસર ખેડા નગરપાલીકા તરફથી આપેલ આઈ.ડી. પ્રુફની નકલ જે રજુ દાખલ **આંક–૧૦૬**. તેમજ આ કામે આર્ટીકલ નં.૧૨ ફરીયાદીના રેશનકાર્ડની નકલ તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૭**. આ કામે આર્ટીકલ નં.૧૩ આરોપીએ કરેલ એફીડેવીટની અસલ નકલ તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૮**. તેમજ આ કામે આર્ટીકલ નં.૧૪ ફરીયાદીએ કરેલ એફીડેવીટની અસલ નકલ તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૦૯**. તેમજ આ કામે આર્ટીકલ નં.૧૫ લગ્ન નોંધણીના પ્રમાણપત્રની નકલ વાવડી ગામની તપાસ અર્થે કબજે કરેલ જે રજુ દાખલ **આંક–૧૧૦**. આ તમામ પુરાવાઓ અમોએ તપાસ અર્થે કબજે કરેલ.

બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે આ ફરીયાદ ખોટા લગ્ન બાબતની છે. લગ્નનું પ્રમાણપત્ર વાવડી ગ્રામ પંચાયતે આપેલ. એવાત ખરી છેકે અમોએ લગ્નના પ્રમાણપત્રનો અભ્યાસ કરેલ. એ વાત ખરી

છે કે લગ્ન પ્રમાણપત્રમાં લગ્ન કરાવનાર તરીકે બ્રાહ્મણની સહી હતી. એ વાતની મને ખબર નથી કે આ લગ્ન સારી રીતે થયેલ કે કેમ. તે બ્રાહ્મણ કહી શકે. એ વાત ખરી છે કે આ લગ્ન થયેલ છે તે બ્રાહ્મણ કહી શકે. એ વાત ખરી છે કે અમોએ બ્રાહ્મણનો જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે લગ્ન કરાવનાર બ્રાહ્મણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવે હતા. એ વાત ખરી છે કે અમોએ લગ્ન કરાવનારની સહી જોયેલી. એ વાત ખરી છે કે અમોએ વાવડી ગ્રામ પંચાયતમાંથી જોગણી માતાના મંદીરે મે રાજેન્દ્રભાઈ, સંજયકુમાર મકવાણા તથા દીપીકાબેનના લગ્ન તા.૧૭/૦૭/૦૮ ના રોજ વાવડી મુકામે કરાવેલ હતા તે બાબતના લગ્ન કરાવ્યાનું પ્રમાણપત્ર મે મેળવેલ હતું. એ વાત ખરી છે કે મે જે પ્રમાણપત્ર મેળવેલ તેમા વર કન્યા તથા બ્રાહ્મણની સહી છે. એ વાત ખરી નથી કે અમોએ તલાટી કમમંત્રીનો જવાબ લીધેલ નથી. મે આ જવાબ કઈ તારીખે લીધેલ તે તારીખ હાલ યાદ નથી. એ વાત ખરી છે કે તલાટી કમમંત્રીનો જવાબ લીધેલ નથી. અમોએ દીપીકાબેનને જન્મ અંગેનો દાખલો/પ્રમાણપત્ર ગ્રામ પંચાયતથી મેળવેલ હતું. એ વાત ખરી છે કે જન્મનો દાખલો નવચેતન વિદ્યાલયનો હતો જે દાખલામાં દીપીકાબેનની સહી હતી. એ વાત ખરી છે કે દાખલો ખરો કે ખોટો તે બાબતનું વેરીફીકેશન મે સ્કુલમાં જઈને કરેલ નહી. એ વાત ખરી છે કે મે આ સ્કુલના આચાર્યનો જવાબ લીધેલ નહી. એ વાતની મને ખબર નથી કે લગ્નની નોંધણી કરેલ ત્યારે નોટરીના કાગળો રજુ કરવા પડે. મે નોટરી કરનારનો જવાબ લીધેલ નથી. એ વાત

ખરી છે કે અંબાલાલ વાલાભાઈ રોહીત નડીઆદ મુકામે નાયબ મામલતદાર હતા. એ વાત ખરી નથી કે નાયબ મામલતદારના કહેવા પ્રમાણે આ કેસની તપાસ કરેલી. એ વાત ખરી છે કે લગ્ન અંગેના દસ્તાવેજમાં સહીઓ ખરી છે કે ખોટી તે તપાસ માટે એફ.એસ.એલ.માં મોકલેલ નહી. એ વાત ખરી છે કે દીપીકાબેને ફરીયાદ મારા રૂબરૂના જવાબમાં સંજયભાઈએ કોરા કાગળમાં સહી લીધેલ, હું ગયેલ ત્યારે સંજયભાઈ બસસ્ટેન્ડ પાસે ઉભા હતા તથા દવાખાનામાં નોકરી આપવાની વાત કરેલી. સહી કઈ બાબતની હતી તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસમાં તે હકીકત ખુલેલ કે દીપીકાબેને બ્રાહમણ તથા સાક્ષીઓની લગ્ન રજીસ્ટરમાં તથા તેની સાથે રજુ કરેલ તમામ દસ્તાવેજોમાં સહીઓ કરેલ હતી. એ વાત ખરી છે કે લગ્ન રજીસ્ટરનો ઉતારો અમોએ મેળવેલ નથી. એ વાત ખરી છે કે ગ્રામ પંચાયતના લગ્ન રજીસ્ટરમાં સહી છે કે કેમ તે અંગેની કોઈ તપાસ કરેલ નથી. મને **આંક–૯૮** બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે લગ્ન નોંધણીની યાદી છે જેમા એગ્રીમેન્ટની ટીકીટ લગાવેલ છે અને તે ટીકીટ ઉપર બંનેની સહી છે. એ વાત ખરી છે કે **આંક–૯૮** માં દીપીકાબેન અને સંજયભાઈ બંનેની સહી છે. એ વાત ખરી છે કે **આંક–૯૯** માં વર અને કન્યા બંનેની સહી છે તથા તેમા લગ્ન કરાવનાર બ્રાહમણ તથા સાક્ષીઓની સહી છે. એ વાત ખરી છે કે **આંક–૯૯** ની સહીઓ બાબતે મે કોઈ ખરાઈ કરેલ નહી. એ વાત ખરી છે કે **આંક–૯૯** વાળા દસ્તાવેજમાં જે જે વ્યકિતઓએ સહી કરેલ તે અંગેની

તપાસ મારે કરવી જોઈએ જે અંગેની મે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે મારા રૂબરૂ બ્રાહમણે જવાબ આપેલ જેમા આરોપી તથા દીપીકાબેનના લગ્ન તેઓએ કરાવેલ તેવુ જણાવેલ. એ વાત ખરી છે કે તા.૧૯/૧૨/૨૦૧૮ ના રોજ મે નોટરીશ્રી બાગેશ્વરીબેન સોલંકીનો જવાબ લીધેલ. એવાત ખરી છે કે નોટરીશ્રીએ મારા રૂબરૂના જવાબમાં તેમની ઓફીસમાં સોગંદનામું કરાવવા માટે સંજયભાઈ તથા દીપીકાબેન આવેલા અને તેઓનું સોગંદનામું કરેલ. એ વાત ખરી છે કે નોટરી બાગેશ્વરીબેન જે તે સમયે સોગંદનામું કરવા આવેલ ત્યારે ચોપડામાં સહી લીધેલ. એ વાત ખરી છે કે બાગેશ્વરીબેનનો જવાબ કોર્ટમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસમાં દીપીકાબેન તથા સંજયભાઈના લગ્ન કરેલાની હકીકત ખુલેલ. એ વાત ખરી છે કે તમામ ડોકયુમેન્ટ અને જવાબ ઉપરથી સંજયભાઈ અને દીપીકાબેનના લગ્ન તેઓની મરજીથી સ્વેચ્છાએ થયેલ હોવાનું મારી તપાસમાં ખુલેલ. એ વાત ખરી છે કે આ કામે રજુ થયેલ તમામ ડોકયુમેન્ટમાં કોઈપણ વ્યકિતની ખોટી સહી થયેલ હોય તેવુ મારી તપાસમાં ખુલેલ. મને **આંક–૧૦૨** બતાવવામાં આવે છે જે જોઈને કહું છુ કે તે દીપીકાબેન તેઓની સ્કુલમાંથી કઢાવી લાવેલ તે હકીકત મારી તપાસમાં ખુલેલ. **આંક–૧૦૨** વાળા દસ્તાવેજ અંગે મે કોઈ સ્કુલમાં તપાસ કરેલ નહી. **આંક–૧૦૮** વાળા સ્ટેમ્પ કયાથી ખરીદેલ તે અંગેની મે તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે **આંક–૧૦૯** વાળો સ્ટેમ્પ ખરીદનાર તરીકે રોહીત દીપીકાબેન રતીલાલની સહી છે જે નોટરી

બી.પી.સોલંકીનાઓએ કરેલ છે જેમા ઓળખાણ આપનાર તરીકે એન.બી.ડાભીનાઓએ સહી કરેલ છે મે વકીલશ્રી એન.બી.ડાભીનો કોઈ જવાબ લીધેલ નથી. **આંક–૧૧૦** વાળો દસ્તાવેજ મે ફરીયાદ થયા બાદ મેળવેલ જે ફરીયાદ બાદ દસ દિવસ પછી મળેલ. એ વાત ખરી છે કે ફરીયાદ અને **આંક–૧૧૦** વાળુ સર્ટીફીકેટ એક જ દિવસનું છે. એ વાત ખરી નથી કે **આંક–૧૧૦** વાળું સર્ટીફીકેટ અમોએ ફરીયાદ થયાના દસ દિવસ બાદ મેળવેલ. એ વાત ખરી નથી કે **આંક–૧૧૦** વાળું સર્ટીફીકેટ ફરીયાદીના કાકા અંબાલાલભાઈ લઈને આવેલા જેઓ નાયબ મામલતદાર હતા. એ વાત ખરી છે કે તમામ બનાવ નડીઆદ મુકામે બનેલ તેવુ ફરીયાદીએ જણાવેલ તે મારી તપાસમાં આવેલ. એ વાત ખરી નથી કે જે જગ્યાએ ગુનો બનેલ હોય તે જગ્યાએ તપાસ મોકલવાની હોય છે. એ વાત ખરી નથી કે તપાસ પોલીસે કરવાની હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગુનો વાવડી ગામમાં બનેલ હોય ખેડા પોલીસે તપાસ કરવાની હોય. એ વાત ખરી નથી કે અમોએ આરોપીઓ વિરૂધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે બાગેશ્વરીબેન અને બ્રાહમણ રાજેન્દ્રકુમારનો જવાબ અમોએ જાણી જોઈને ચાર્જશીટમાં રજુ કરેલ નથી.

**૨૨.** આ કામમાં **આંક–૧૧૨ થી સાહેદ હિતેશ પ્રમોદકુમાર સંઘવી**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં

જણાવે છે કે, હું છેલ્લા ૨૯ વર્ષથી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે ફરજ બજાવુ છું. હાલમાં હું ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ખાતે ઈન્ચા. નિયામક તરીકે ફરજ બજાવુ છું. વર્ષ ૨૦૦૯ માં ખેડા ટા.પો.સ્ટે.ના સે.ગુ.ર.નં.૨૩૭/૨૦૦૮ ના કામે મારી પ્રયોગશાળાના કેસ નં.ડી.એફ.એસ./ઈ.ઈ./૨૦૦૯/સી.એફ./૫૬ થી પરીક્ષણ અર્થે ચાર પાર્સલ મળેલ જે મે તા.૨૭/૦૩/૦૯ ના રોજ મદદનીશ નિયામક કોમ્પ્યુટર નિયામક ફોરેન્સીક વતી સ્વીકારેલ. મને સી.પી.યુ. બતાવવામાં આવે છે જે **આંક–૮૨** થી રેકર્ડ પર છે જે કબજે કરેલ સી.પી.યુ. તે જ છે જે ઓળખી બતાવુ છું. સદર **આંક–૮૨** વાળું સી.પી.યુ. ખોલતા તેમાથી એક હાર્ડડીસ્ક મળી આવેલ જેને માર્ક–એચ.એ. આપેલ માર્ક–બી વાળા પાર્સલમાંથી કુલ ૧૩ ડોકયુમેન્ટ અને એક ફોટોગ્રાફ હતો. આ ડોકયુમેન્ટના પેજીસને બી.૧ થી બી.૩ અને બી.૫ થી બી.૧૪ માર્ક આપેલ અને ફોટોગ્રાફને બી.૪ માર્ક આપેલ. મને આર્ટીકલ નં.૪ ફોટોગ્રાફ બતાવવામાં આવે છે જે **આંક–૭૯** છે જે જોઈને કહુ છું કે તે તે જ ફોટોગ્રાફ છે જે અંગે અમોએ અભિપ્રાય આપેલ. મને માર્ક–સી વાળું એક પુરુષના બે ફોટોગ્રાફ બતાવવામા આવે છે જે આ કામે **આંક–૯૬** થી રેકર્ડ પર છે જે અંગે અમોએ અભિપ્રાય આપેલ. મને માર્ક–સી.૨ બતાવવામાં આવે છે જે સ્ત્રી વ્યકિતના બે ફોટા છે જે અંગે અમોએ અભિપ્રાય આપેલ છે. **આંક–૮૨** નું માર્ક–બી વાળા પાર્સલમાંથી ૧૩ ડોકયુમેન્ટ અને એક ફોટોગ્રાફ મળેલ જે ડોકયુમેન્ટ લગ્ન નોંધણીની યાદી જે આર્ટીકલ નં.૨

**આંક–૯૮** છે. આર્ટીકલ નં.૩ જે **આંક–૯૯** થી રેકર્ડ પર છે જે લગ્ન નોંધણીની યાદી, આર્ટીકલ નં.૫ **આંક–૧૦૦** મકવાણા સંજયભાઈનું લીવીંગ સર્ટી, આર્ટીકલ નં.૬ **આંક–૧૦૧** મકવાણા સંજયભાઈનું ઈલેકશન કાર્ડ, આર્ટીકલ નં.૭ **આંક–૧૦૨** દીપીકાબેન રોહીતનું બોનાફાઈડ સર્ટી, આર્ટીકલ નં.૮ **આંક–૧૦૩** માં લગ્ન કર્યાનુ પ્રમાણપત્ર, આર્ટીકલ નં.૯ **આંક–૧૦૪** માં દવે રાજેન્દ્રકુમારનું ઈલેકશનકાર્ડ, આર્ટીકલ નં.૧૦ **આંક–૧૦૫** માં ચૌહાણ શનાભાઈનું ઈલેકશન કાર્ડ, આર્ટીકલ નં.૧૧ **આંક–૧૦૬** માં રોહીત ભરતભાઈ ઈશ્વરભાઈનું આઈકાર્ડ, આર્ટીકલ નં.૧૨ **આંક–૧૦૭** માં રોહીત રતીલાલભાઈનુ રેશનકાર્ડ, આર્ટીકલ નં.૧૩ **આંક–૧૦૮** માં મકવાણા સંજયકુમાર જેઠાભાઈએ કરેલ એફીડેવીટ, આર્ટીકલ નં.૧૪ **આંક–૧૦૯** દીપીકાબેન રતીલાલની એફીડેવીટ, આર્ટીકલ નં.૧૫ લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર છે.

માર્ક–એચ.એ વાળી હાર્ડડીસ્ક જે સી.પી.યુ.ની અંદર છે જેનુ પોલીસ રવાનગીમાં પુછેલ પ્રશ્ન અંગે પ્રયોગશાળામાં ઉપલબ્ધ કોમ્પ્યુટર ફોરેન્સીક સાધનો દ્વારા પરીક્ષણ કરવામાં આવેલ જેમા તપાસમાં પુછેલ ફોટોગ્રાફની હાજરી જોવા મળેલ નહી. ફોટોગ્રાફ માર્ક–બી.૪ અને પુરુષ વ્યકિતના માર્ક–સી.૧ **આંક–૯૬** અને સ્ત્રી વ્યકિતના ફોટોગ્રાફ માર્ક–સી.૨ **આંક–૯૭** ના માઈક્રોસ્કોપમાં તેમજ બાયોમેટ્રીક પધ્ધતિથી પરીક્ષણ કરવામાં આવ્યું. માર્ક–બી માં દેખાતા પુરુષના ફોટો માર્ક–સી માં દેખાતા પુરુષનો ફોટોગ્રાફ સાથે સરખો જણાય છે. માર્ક–બી.૪

**આંક–૭૯** દેખાતી સ્ત્રી વ્યકિતનો ફોટો એડીટ/મોડીફાઈ કરી બનાવેલ હોય સરખામણી માટે યોગ્ય નથી. તમામ પ્રકારના મુદ્દામાલના પરીક્ષણની વિગતો જે મારા પરીક્ષણ અહેવાલમાં દર્શાવી અહેવાલ તા.૦૬/૦૧/૨૦૧૦ ના રોજ તૈયાર કરી કેસ નં. એફ.એસ./ઈ.ઈ./૨૦૦૯/સી.એફ./૫૬ થી પોલીસ સબ ઈન્સ્પેકટર ખેડા ટાઉનને તત્કાલીન નાયબ નીયામક ડો.એમ.એસ.દહીયાનાઓએ રવાનગી પત્ર સાથે મોકલી આપેલ જે રવાનગી પત્રક નં.એફ.એસ./ઈ.ઈ./૨૦૦૯/સી.એલ./૫૬ થી મોકલી જે એક પાનાનું છે જેમા ડેપ્યુટી ડાયરેકટર એમ.એસ.દહીયાની સહી છે ઓળખી બતાવુ છું જે રજુ દાખલ **આંક–૧૧૩** આપવામાં આવે છે. મે **આંક–૯૬,૯૭,૭૯** નું પરીક્ષણ કરતા મને જણાય આવેલ કે માર્ક–બી.૪ **આંક–૭૯** અને માર્ક–સી.૧ **આંક–૯૬** નો ચહેરો સરખો છે. જયારે માર્ક–બી.૪ **આંક–૭૯** માં સ્ત્રી વ્યકિતનો ચહેરો એડીટીંગ કરીને બનાવેલ હોય સરખામણી માટે યોગ્ય જણાયેલ નહી જે બાબતે અમોએ અમારો સાયન્ટીફીક અભિપ્રાય આપેલ જે આ કામે **આંક–૧૧૪** થી રેકર્ડ પર છે અને તેમા મારી સહી તથા સીકકો છે જે ઓળખી બતાવુ છું.

બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે **આંક–૭૯** વાળો ફોટો તથા **આંક–૯૭** વાળા ફોટોમાં સ્ત્રીના ફોટોમાં એડીટીંગ થયેલ નથી. એ વાત ખરી નથી કે અમારા અભિપ્રાયમાં સ્ત્રીના ફોટોમાં ચહેરો એડીટીંગ થયેલ

હતો. એ વાત ખરી છે કે અમારી લેબમાં ઘણા સી.પી.યુ. આવતા હોય છે. એ વાત ખરી છે કે સી.પી.યુ. પેક કરીને આવેલ નહી. એ વાત ખરી છે કે હાર્ડડીસ્ક પેકીંગ કરીને આવેલ નહી. એ વાત ખરી છે કે સદર હાર્ડડીસ્ક જેવી ફીઝીકલ દેખાતી ઘણી હાર્ડડીસ્ક અમારી કચેરીએ આવતી હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દરેક હાર્ડડીસ્કનો યુનીટ નંબર હોય છે. એ વાત ખરી છે કે પોલીસ તરફથી અમારી તરફ જયારે હાર્ડડીસ્ક આવેલ ત્યારે તેનો યુનીટ નંબર લખીને અમારી તરફ મોકલવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે હાર્ડડીસ્ક આ જ ગુનાની છે તે બતાવવા માટે કોઈ ચિન્હ હાર્ડડીસ્ક પર લગાવેલ નહી અમારી પાસે મોકલવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે હાર્ડડીસ્ક ઉપર કોઈ પો.સ્ટે. નો નંબર, એફ.આઈ.આર. નંબર, ગુનાની વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે હાલના સી.પી.યુ. જેવા બીજા સી.પી.યુ. અમારી કચેરીએ આવેલ. એ વાત ખરી છેકે સી.પી.યુ. ઉપર પો.સ્ટે. નંબર, એફ.આઈ.આર.નંબર, ગુનાની વિગત લખીને અમારી તરફ મોકલેલ નહી. એ વાત ખરી છે કે ૧૩ ડોકયુમેન્ટનું પરીક્ષણ કરેલ નથી. એ વાત ખરી છે કે ૧૩ ડોકયુમેન્ટ સાચા અને ખરા હતા જેથી અમોએ તેનુ કોઈ પરીક્ષણ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમોએ તકરારી ફોટાનું પરીક્ષણ ભુલ ભરેલ કરેલ છે. એ વાત ખરી છે કે અમોએ જે આજરોજ જુબાની આપેલ છે તે ડોકયુમેન્ટ જોઈને આપેલ છે. સદર મુદ્દામાલ એફ.એસ.એલ.

અધિકારીએ કબજે કરેલ છે કે કેમ તે અંગે હું કહી શકું નહી. એ વાત ખરી નથી છે કે અમોએ ખોટો અભિપ્રાય આપેલ છે.

## ફરીયાદપક્ષની દલીલ

૨૩. આ કામમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીના ખોટા લગ્ન ફોર્મમાં સહીઓ લઈ ખોટું લગ્ન રજીસ્ટર કરાવેલ છે અને લગ્ન રજીસ્ટર કરાવતી વખતે ફરીયાદીને જાણ કરેલ નથી. આ કામમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ત.ક.અ. તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આંક–૯૭ થી રજુ ફોટોગ્રાફમાં એડીટીંગ થયેલ છે. આ કામમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીનો ફોટો, ફરીયાદીનો ફોટો તથા આરોપી અને ફરીયાદીનો સંયુકત ફોટો આંક–૯૬,૯૭,૭૯ થી રેકર્ડ પર છે જેનાથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં રજુ થયેલ લગ્નની યાદી, લગ્નની નોંધણી, આરોપીનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, આરોપીનું ઈલેકશનકાર્ડ, ફરીયાદીનું બોનાફાઈડ સર્ટીફીકેટ, લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર, બ્રાહમણનું ઈલેકશન કાર્ડ, શનાભાઈ પોપટભાઈનું ઈલેકશન કાર્ડ, રોહીત ભરતકુમાર ઈશ્વરભાઈનું આઈકાર્ડ, સંજયભાઈએ કરેલ સોગંદનામું, ફરીયાદીએ કરેલ સોગંદનામું, લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર આ તમામ

દસ્તાવેજો આંક–૯૮ થી આંક–૧૧૦ સુધી રેકર્ડ પર છે જે ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે.

## આરોપીપક્ષની દલીલ

**૨૪.** આ કામના આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપી અને ફરીયાદીએ સંમતિથી લગ્ન કરેલ અને તે લગ્ન ફરીયાદીના કાકાને ગમતા ન હોય તેઓએ ફરીયાદી સાથે મળી હાલની ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં ગુનો નડીઆદ ખાતે બનેલ હોય ફરીયાદ ખેડા મુકામે કરવામાં આવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, હાલના કામમાં સાહેદ રતીલાલભાઈ વાલાભાઈ રોહીત અને ઈલાબેન રતીલાલ રોહીત જેઓ ફરીયાદીના માતા પિતા થાય છે જેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ જેઓ ફોટો સ્ટુડીઓના માલિક છે તે તથા તેમના ત્યા કામ કરતા સાહેદ કલ્પેશ બાબુભાઈ પ્રજાપતિ આરોપીપક્ષને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે ફરીયાદી અને આરોપી સંજયભાઈ બંને જણા હાર પહેરીને તેઓના ફોટો સ્ટુડીઓમાં આવેલા અને તેઓનો ફોટો પાડવામાં આવેલો. વધુમાં આ કામે પંચ લાલજીભાઈ શાંતીભાઈ સીસોદીયા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. આ કામમાં જગદીશભાઈ હીરાભાઈ રોહીતની જુબાનીથી ફરીયાદપક્ષના

કેસને સમર્થન મળતું નથી. આ કામમાં ત.ક.અ.નાઓએ સદર કામમાં વકીલશ્રી એન.બી.ડાભી, વાવડી ગામના તલાટી કમમંત્રી, લગ્ન કરાવનાર બ્રાહમણ તથા નોટરી કરનાર બાગેશ્વરીબેનનું નિવેદન લીધેલ નથી જે હાલના કામમાં મુખ્ય સાહેદો છે જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામના આરોપીના વિ.વ.શ્રીએ આંક–૧૩૨ થી લેખિત દલીલો રજુ કરેલ છે

## મુલ્યાંકન

**૨૫.** આ કામમાં **ઈ.પી.કો.કલમ–૪૯૬** પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌ પ્રથમ તે હકીકત પુરવાર કરવી પડે કે આરોપીએ કપટપુર્વક ફરીયાદી સાથે બનાવટી લગ્ન કરેલ છે જે બનાવટી લગ્નવિધિથી કરેલ છે. આ કામમાં ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે ફરીયાદી અને આરોપી નં.૧ નું તેઓની જ્ઞાતિના રીત રિવાજ મુજબ અથવા કોઈપણ જ્ઞાતિના કે સમાજના રીત રીવાજ મુજબ લગ્ન થયેલ છે.

**૨૬.** આ કામમાં સાહેદ રતીલાલ વાલાભાઈ રોહીત ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ કામમાં પંચ લાલજીભાઈ શાંતીભાઈ સીસોદીયાની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.

૨૭. આ કામમાં **ફરીયાદી દીપીકાબેન રતીલાલ રોહીત**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, આરોપી નં.૧ સંજયભાઈ જેઠાભાઈ મકવાણાને તેઓ ઓળખે છે અને આરોપી નં.૧ સંજયભાઈએ તેઓને દવાખાનામાં નોકરી અપાવવાની વાત કરેલ અને આરોપી નં.૧ સંજયભાઈએ તેઓની પાસે રેશનકાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝના ફોટા અને જન્મનો દાખલો માંગેલો. સદર સાહેદ વધુમા જણાવે છે કે તેઓ લીંબાસી નિશાળ જવા નીકળેલ ત્યારે લીંબાસી બસસ્ટેન્ડમાં ઉભા હતા ત્યારે હાલમાં કોર્ટમાં હાજર આરોપીઓ લીંબાસી બસસ્ટેશને હાજર હતા અને આરોપી નં.૧ સંજયભાઈએ તેઓને જણાવેલ કે ચાલ તને નોકરી અપાવી દઉ તેમ કહી નડીઆદ સરદારભવનમાં લઈ ગયેલ અને આ સમયે આ ત્રણેય આરોપીઓ ત્યા હાજર હતા. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, સરદારપટેલ ભવનમાં ગાડીના પાર્કીંગમા આરોપીઓએ તેઓની સહી કરાવેલી અને તેઓને જોવા કે વાંચવા દીધેલ નહી અને કાગળો મુકેલ હતા અને શેની સહીઓ કરાવેલ તેની તેઓને બનાવ વખતે ખબર નથી અને તે પછી તેઓને આરોપી નં.૧ નાએ ખેડા ચોકડી તેઓને રીક્ષામાંથી ઉતારી દીધેલ અને ત્યાથી તેઓ તેમના ઘરે લીંબાસી ગયેલ અને દસ દિવસ બાદ તેઓ ઉપર આરોપી નં.૧ સંજયભાઈનો ફોન આવેલ અને તેઓએ તેઓને જણાવેલ કે આપણા લગ્ન થઈ ગયેલ છે અને તારા કપડા તૈયાર રાખ અને આરોપી નં.૧ સંજયભાઈએ એવું જણાવેલ કે જો તું મારી સાથે નહી આવે તો તારા

ઘરે આવી દવા પીને મરી જઈશ અને તારા ઘરનાને જેલમાં પુરાવી દઈશ અને તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ જે હકીકતની તેઓએ તેમના મોટા પિતા અંબાલાલને જાણ કરેલ અને બનાવની ફરીયાદ આપેલ. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓના મોટા પિતાએ બનાવ બાબતની ખાત્રી કરતા જણાવેલ કે ખોટું લગ્ન રજીસ્ટર થયેલ હોવાનું જણાવેલ તે કઈ જગ્યાએ થયેલ તેઓને જણાવેલ નહી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપી નં.૧ સંજયભાઈએ જે લગ્ન રજીસ્ટર કરેલ તે તેઓની મરજીથી થયેલ નથી. સદર સાહેદ આ કામના આરોપીઓને જોયેથી ઓળખી બતાવે છે. સદર સાહેદ અસલ એફ.આઈ.આર.માં પોતોાની સહી ઓળખી બતાવે છે જે આ કામે **આંક–૬૭** થી રેકર્ડ પર છે.

સદર સાહેદ વધુમાં તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ સ્ટેમ્પ ખરીદેલ જે રૂ.૨૦/– નો સ્ટેમ્પમાં તેઓની સહી કરેલ જે સ્ટેમ્પ વેન્ડર રાજેશ્રી એચ.ભટ્ટ પાસેથી ખરીદેલ. સદર સાહેદ તે હકીકત કબુલ રાખે છે કે આરોપી નં.૧ સંજયભાઈ ખેતીની મજુરી કરતા હતા અને તેઓના કાકા મામલતદાર કચેરી નડીઆદ ખાતે નોકરી કરતા હતા. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકત કબુલ કરે છે કે તા.૧૪/૧૨/૨૦૦૮ ના રોજ તેઓ અને આરોપી નં.૧ સંજયનું લગ્ન થયેલ છે તેવુ પેપરમાં આવતા તેઓના કાકાને ખબર પડેલ અને તેઓના કાકા તેઓને તેમના ઘરે લઈ ગયેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકત કબુલ કરે છે કે સર્ચ વોરન્ટની અરજી થયા બાદ વકીલની સલાહ લઈ તેઓ તથા તેમના કાકા ફરીયાદ આપવા પો.સ્ટે. ગયેલ અને વકીલશ્રીના કહેવા

મુજબ ફરીયાદ કરેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેઓએ હાલની ફરીયાદ તેમની જાતે લખાવેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકત જણાવે છે કે તેઓએ જે સહી કરેલ તે કાગળો કોરા હતા અને આ કોરા કાગળોમાં તેઓએ બે થી ત્રણ સહીઓ કરેલી અને તેઓ આરોપી નં.૧ સંજયભાઈ સાથે નડીઆદ એક જ વખત ગયેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો ઈનકાર કરે છે કે આ લગ્ન વાવડી મુકામે થયેલા. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકત જણાવે છે કે તેઓને તે વાતની ખબર નથી કે તેમની સહી સાથેનું લગ્ન નોંધણીનું ફોર્મ વાવડી મુકામે તલાટી રૂબરૂ રજુ થયેલ કે કેમ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે આ લગ્ન નોંધણીના ફોર્મમાં એગ્રીમેન્ટ ટીકીટ લગાવેલ તેના પર તેઓએ સહી કરેલ. વધુમાં સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ જોગણી માતાના મંદીર કુલહાર વિધીથી તેઓના લગ્ન થયેલ જે લગ્ન બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેનાઓએ કરાવેલ જેમા આરોપી નં.૩ શનાભાઈ પોપટભાઈ ચૌહાણ તથા આરોપી નં.૨ ભરતભાઈ ઈશ્વરભાઈ રોહીત સાક્ષી થયેલા. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓને તે વાતની ખબર નથી કે આ લગ્નની નોંધણી તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજની કરાવેલ. સદર સાહેદ ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ નડીઆદ

મુકામે રાજશ્રીબેનના ત્યાથી સ્ટેમ્પપેપર ખરીદેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકત જણાવે છે કે આ લગ્ન રજીસ્ટર વખતે તેઓએ પાસપોર્ટ સાઈઝનો ફોટો, જન્મનો દાખલો, રેશનકાર્ડ આપેલ જે દસ્તાવેજો તેઓએ તેમની નોકરી બાબતે આપેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ સ્કુલમાંથી બોનાફાઈડ સર્ટી કઢાવેલ અને આ બોનાફાઈડ સર્ટીફીકેટ તેઓએ લગ્ન રજીસ્ટરમાં આપેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે લગ્ન રજીસ્ટર કરાવવા નવચેતન લીંબાસી વિદ્યાલયમાંથી બોનાફાઈડ સર્ટી કઢાવેલ અને તે લગ્ન રજીસ્ટર કરાવવા આપેલ જેમા તેઓની સહી પણ છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેએ લગ્નનું પ્રમાણપત્ર આપેલ તેમા પણ તેઓની સહી છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે લગ્ન રજીસ્ટર કરાવવા સોગંદનામા કરાવવા તેઓ બાગેશ્વરી સોલંકીના ઘરે નડીઆદ ગયેલા અને નોટરીએ તેઓનું સોગંદનામું કરી ચોપડામાં તેઓની સહી લીધેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા જણાવે છે કે તેઓએ માતંગી ડીજીટલ ફોટો સ્ટુડીઓ જોયેલ નથી અને તેઓ માતંગી ડીજીટલ ફોટો સ્ટુડીઓમાં તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ તેઓએ તથા આરોપી નં.૧ સંજયભાઈએ ફોટો પડાવેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છ કે તેઓ કયારેય કોઈ દિવસ સ્ટેમ્પ ખરીદીને લાવેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ

કરે છે કે તેઓએ ફરીયાદમાં કોરા કાગળમાં સહીઓ લીધેલ હોય તેવુ લખાવેલ નથી અને આરોપી નં.૧ સંજયભાઈએ દવાખાનામાં નોકરી અપાવવાની વાત કરેલી તેવી કોઈ હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા જણાવે છે કે તેઓ વકીલ એન.બી.ડાભીને ઓળખતા નથી અને આ લગ્ન અંગેના સોગંદનામામાં વકીલ એન.બી.ડાભીનાએ તેઓની ઓળખાણ આપેલ તેની તેઓને ખબર નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે કાયદેસરના લગ્ન થયેલ હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે.

**હાલના કામમાં ફરીયાદી પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય. વધુમાં સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં સ્પષ્ટપણે ઈનકાર કરે છે કે તા.૧૭/૦૭/૨૦૦૮ ના રોજ જોગણી માતાના મંદીરમાં કુલહાર વિધીથી તેઓના લગ્ન થયેલ જે લગ્ન બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈએ કરાવેલ અને આરોપી નં.૨ તથા ૩ નાએ સાક્ષી તરીકે સહી કરેલ. હાલના કામમાં બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેએ લગ્નનું પ્રમાણપત્ર આપેલ અને તેમા ફરીયાદીની સહી છે તે હકીકત ફરીયાદીએ ઉલટતપાસમાં ઈનકાર કરેલ છે અને બ્રાહમણે આપેલ સર્ટીફીકેટ પુરવાર થતુ નથી જેથી હાલના કામમાં ફરીયાદી અને આરોપી નં.૧ ની લગ્ન વિધી થયેલ હોય તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવતા નથી.**

૨૮. આ કામમાં **સાહેદ ઈલાબેન રતીલાલ** રોહીતની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી અને તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે, આરોપી નં.૧ સંજયભાઈ તેઓના ઘરે મજુરી કામે આવતા હતા અને તેઓની દીકરીએ નર્સીંગનો કોર્ષ કરેલ હોય સંજયભાઈએ નોકરીની લાલચ આપેલી અને આરોપી નં.૧ સંજયભાઈ નડીઆદ સરદાર ભવન પાર્કીંગમાં કોરા ફોર્મમાં તેઓની દીકરીની સહીઓ કરાવેલ અને તેઓના જેઠનો તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ તેઓના ઉપર ફોન આવેલ અને કહેલ કે દીપીકાએ લગ્ન કરી દીધેલ છે જે બાબતની તેઓની દીકરીએ ખેડા ટા.પો.સ્ટે. ફરીયાદ આપેલ. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓની દીકરીએ આરોપી નં.૧ સંજયભાઈ સાથે લગ્ન કરી દીધેલ તે બાબતે તેઓના જેઠે ફોનથી તેઓને જણાવેલ અને લગ્ન કરેલ અંગેનો કોરા ફોર્મમાં સહીઓ કરી તે તેઓને બતાવેલા જે કોમ્પ્યુટર સ્કેન કરેલ હતા. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, આ લગ્નના ફોર્મમા ભરતભાઈ શનાભાઈ અને ગોકળભાઈ ઈશ્વરભાઈનાઓની સાક્ષીમાં સહીઓ હતી અને આ લોકો તેઓના કુટુંબી હોય ઓળખે છે. વધુમાં સદર સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે આરોપી નં.૧ સંજયભાઈએ તેઓની દીકરીને ફોનમાં ધમકી આપેલ કે તુ મારી સાથે લગ્ન નહી કરે તો હું તારા ઘરે આવીને દવા પીને મરી જઈશ અને તારા માતા પિતાને જેલમાં મોકલીશ. સદર સાહેદ આરોપીઓને જોયેથી ઓળખી બતાવે છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે આરોપી નં.૧ સંજયભાઈ તથા દીપીકાબેનના લગ્નની જાણ સૌ પ્રથમ પેપર

ધ્વારા તેઓને થયેલ અને કઈ તારીખના પેપરમાં આવેલ તે તારીખ તેઓને ખબર નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓને બનાવની જાણ તેઓના જેઠે કરેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા જણાવે છે કે તેઓની દીકરી ઘરેથી ગઈ ત્યારે કોઈ દસ્તાવેજ લઈને ગયેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓની દીકરીએ આરોપી નં.૧ સંજયભાઈ સાથે કાયદેસરના લગ્ન કરેલ હોવા છતા તેઓના જેઠના કહેવાથી ખોટી ફરીયાદ કરેલ.

**હાલના કામમાં સાહેદ ઈલાબેન રતીલાલ પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય. હાલના કામમાં બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેએ લગ્નનું પ્રમાણપત્ર આપેલ અને તેમા ફરીયાદીની સહી છે તે હકીકત સદર સાહેદ જણાવતા નથી અને બ્રાહમણે આપેલ સર્ટીફીકેટ આ કામે પુરવાર થયેલ નથી જેથી હાલના કામમાં ફરીયાદી અને આરોપી નં.૧ ની લગ્ન વિધી થયેલ હોય તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી સાહેદ ઈલાબેન પોતાની જુબાનીમાં જણાવતા નથી.**

**૨૯.** આ કામમાં **સાહેદ અંબાલાલ વાલાભાઈ રોહીત**ની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી પરંતું સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે કે તા.૦૯/૧૨/૨૦૦૮ ના રોજ તેઓની ભત્રીજી દીપીકા તેમના ઘરે આવેલ અને તેઓને જણાવેલ કે બામરોલીના આરોપી નં.૧ સંજયભાઈ જેઠાભાઈ રોહીતનાઓએ નોકરી

આપાવુ તેમ કહી નોકરીને લગતા કાગળો માંગેલ જે તેણે આપેલ તેવુ દીપીકાબેને તેઓને જણાવેલ અને આરોપીઓએ દીપીકાબેનને નડીઆદ મુકામે સરદાર ભવનમાં લઈ ગયેલ અને ગાડી પાર્કીંગમાં કોરા ફોર્મમાં સહીઓ કરાવેલી અને દીપીકાબેનને સહીઓ કરેલ તેમ જણાવેલ અને ખોટા લગ્ન કરી દીધેલ. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે થોડા દિવસ પછી આરોપી નં.૧ નાએ તેઓને ફોન કરી જણાવેલ કે, ફરીયાદી અને આરોપી નં.૧ ના લગ્ન થઈ ગયેલ છે અને ધમકી આપેલ કે તુ મારી સાથે નહી આવે તો હું લીંબાસી તારા ઘરે આવી દવા પીને મરી જઈશ અને તારા માતા પિતાને જેલમાં પુરાવી દઈશ તથા તને જાનથી મારી નાખીશ તેવુ દીપીકાબેને તેઓને જણાવેલ જેથી બનાવના બીજા દિવસે તેઓએ લગ્ન રજીસ્ટરની ખાત્રી કરતા તેઓએ લગ્ન રજીસ્ટરનું પ્રમાણપત્ર મેળવેલ આ બાબતે તેઓએ તેમના કૌટુંબીક ભાઈ જગદીશભાઈ હીરાભાઈ રોહીત રહે. લીંબાસીનાઓને ફોનથી હકીકત જણાવેલ અને તેમને ખાત્રી કરવા જણાવેલ જેથી તેમને તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ લગ્ન રજીસ્ટરના કાગળો લાવેલ જે તેઓએ તથા જગદીશભાઈએ ખાત્રી કરતા દીપીકાબેન તથા સંજયના લગ્ન વિધી અંગેનો કોમ્પ્યુટરાઈઝ ફોટો તથા નોટરીના સહી વગરના કાગળો તથા લગ્ન યાદીમાં જણાવેલ પોપટભાઈ ચૌહાણ તથા ભરતભાઈ ઈશ્વરભાઈ રોહીતનાઓની સાક્ષીમા સહી કરી આ લગ્ન રજીસ્ટર તેઓની ભત્રીજી દીપીકાબેનની જાણ બહાર તથા તેની મરજી વિરૂધ્ધ આરોપી નં.૧ સંજયભાઈએ કરાવેલ હોય ફરીયાદીએ ફરીયાદ આપેલ. સદર સાહેદ આ કામના આરોપીઓને ઓળખી

બતાવે છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓએ લગ્ન રજીસ્ટરનું પ્રમાણપત્ર, લગ્ન રજીસ્ટરની યાદી, લગ્ન રજીસ્ટરનું ફોર્મ તથા તેના બીડાણ સોગંદનામું, લગ્ન અંગેના ફોટા, પંચોના સોગંદનામા વગેરે મંગાવેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે લગ્ન રજીસ્ટરના ફોર્મ પર એગ્રીમેન્ટનો સ્ટેમ્પ લગાવી તેના પર સહી કરવી પડે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકતનો ઈનકાર કરે છે કે ફરીયાદીએ સ્ટેમ્પ ખરીદેલ અને તેમા સહી કરેલ અને સદર સ્ટેમ્પ ફરીયાદીએ કોની પાસેથી ખરીદેલ તેની તેઓને ખબર નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે સોગંદનામું નોટરી બાગેશ્વરીબેન સોલંકીએ કરેલ અને સોગંદનામામા ઓળખ આપનાર તરીકે વકીલશ્રી એન.બી.ડાભીની સહી હતી અને લગ્ન યાદી મોકલવાની સહીઓમાં દીપીકાબેનની સહી હતી જે કોરા ફોર્મમાં સહીઓ કરાવેલી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તેઓએ જોયેલ ત્યારે આ ફોર્મ પ્રિન્ટેડ હતું અને મેમોરેન્ડમ ઓફ મેરેજમાં બ્રાહમણ તથા બે સાક્ષીની સહી હતી દીપીકાબેન તથા આરોપી નં.૧ સંજયભાઈની સહી હતી અને તેઓએ જયારે આ ફોર્મ જોયુ ત્યારે આ ફોર્મ સંપુર્ણ હકીકત લખેલ હતી જેમા દીપીકાબેનનો જન્મનો દાખલો ન હોય બોનાફાઈડ સર્ટી રજુ કરેલ.

હાલના કામના સાહેદ અંબાલાલ વાલાભાઈ રોહીત તેઓની ઉલટતપાસમાં તે હકીકત કબુલ કરે છે કે તેઓએ બધા દસ્તાવેજો તેઓએ લગ્ન રજીસ્ટરની કચેરીથી તેમના કૌટુંબીક ભાઈ મારફતે કઢાવેલ

અને તેઓ વાવડી મુકામે જાતે ગયેલ ન હોય રજીસ્ટરમાં સંજયભાઈ તથા દીપીકાબેનની સહી કરેલ કે કેમ તે તેઓ કહી શકતા નથી. વધુમાં સદર સાહેદને તે હકીકતની ખબર નથી કે દીપીકાબેને નોટરી રૂબરૂ ગયેલ કે કેમ અને સોગંદનામામાં અને ચોપડામા સહી કરેલ છે કે કેમ. સદર સાહેદ લગ્ન કરાવનાર બ્રાહમણને મળેલ નહી અને લગ્ન બાબતે કોઈ પુછપરછ કરેલ નહી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓ વકીલશ્રી એન.બી.ડાભીને તથા વાવડીના તલાટી કમમંત્રી પાસે પુછપરછ કરેલ નહી. **હાલના કામમાં સાહેદ અંબાલાલ રોહીત પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય. હાલના કામમાં બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેએ લગ્નનું પ્રમાણપત્ર આપેલ અને તેમા ફરીયાદીની સહી છે તે હકીકત સદર સાહેદ જણાવતા નથી અને બ્રાહમણે આપેલ સર્ટીફીકેટ આ કામે પુરવાર થયેલ નથી જેથી હાલના કામમાં ફરીયાદી અને આરોપી નં.૧ ની લગ્ન વિધી થયેલ હોય તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી સાહેદ અંબાલાલ રોહીત પોતાની જુબાનીમાં જણાવતા નથી.**

**૩૦.** આ કામમાં **સાહેદ નરેન્દ્રભાઈ ડાહયાભાઈ પટેલ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફકત તે હકીકતને સમર્થન આપે છે કે આ કામના ફરીયાદી અને આરોપી નં.૧ તેઓ પાસે ફોટો પડાવવા આવેલ જે ફોટો તેઓએ પાડીને આપેલ જે ફોટો આંક–૭૯ થી રેકર્ડ પર છે. સદર સાહેદ

**પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય.**

**૩૧.** આ કામમાં **સાહેદ કલ્પેશભાઈ બાબુભાઈ પ્રજાપતિ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ તેઓ જણાવે છે કે તેઓ સને ૨૦૦૮ માં નડીઆદ બસસ્ટેન્ડ આગળ માતંગી ફોટો સ્ટુડીઓમાં કોમ્પ્યુટર ઉપર કામ કરતા હતા અને તે ફોટો સ્ટુડીઓ નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલની માલિકીનો હતો. વધુમા સદર સાહેદની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે કોર્ટમાં હાજર આરોપી પૈકી આરોપી નં.૧ સંજયભાઈ તેમના સ્ટુડીઓમાં આવેલ અને તેમની સાથે એક બેન હતી અને આ સંજયભાઈએ આવીને ફોટો પાડવાનું કહેલ જે બંને જણા હાર પહેરીને આવેલ હતા તે હારવાળો ફોટો પાડવાનું કહેતા તેઓના શેઠ નરેન્દ્રભાઈએ ફોટો પાડેલ. વધુમા સદર સાહેદ જણાવે છે કે આ સંજયભાઈ તથા તેમની સાથે આવેલ બેન સિમ્પલ કપડામાં હતા અને તેમનો ફોટો પાડયા બાદ લગ્નના ફોટોમાં તેમના ચહેરા ફીટ કરી તેમનો ફોટો બનાવેલ. સદર સાહેદને **આંક–૭૯** થી રજુ ફોટોગ્રાફ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે આ ફોટોના બેકગ્રાઉન્ડમાં લગ્નનું મોયરું સેટ કરેલ છે આ ફોટોમાં જે મોયરું સેટ કરી લગ્નનો ફોટો બનાવેલ તે તેઓએ બનાવેલ જે બનાવવા માટે તેઓના શેઠ નરેન્દ્રભાઈએ તેઓને કહેલ જે ફોટો સંબંધે પોલીસ તેઓના સ્ટુડીઓમા આવેલ અને તેઓનું કોમ્પ્યુટર લઈ ગયેલ. સદર સાહેદ આરોપીને જોયેથી ઓળખી બતાવે છે. વધુમા સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે આ

ફોટો પાડયા બાદ આરોપી નં.૧ સંજયભાઈ તથા ફોટોમાં જણાવેલ બેન તેઓના ફોટો સ્ટુડીઓની ઉપર આવેલ બાગેશ્વરીબેન વકીલને ત્યા રજીસ્ટ્રેશન કરાવવા ગયેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરેલ છે કે ડીજીટલ ફોટો પાડયા બાદ તેમા કલર શેડ વગેરે સેટ કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢવામાં આવે છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા જણાવે છે કે તેઓને ત્યા જે ફોટો પડાવવા આવેલ તે છોકરા છોકરી બંને સાથે આવેલ અને તે બંનેના સાથે ફોટા પાડેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરેલ છે કે આરોપી નં.૧ સંજયભાઈ એકલા આવીને તેઓના ત્યા ફોટો પડાવી ગયેલ હોય તેવુ બનેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરેલ છે કે તેઓને ત્યા આરોપી નં.૧ સંજયભાઈ તથા દીપીકાબેન આવેલ ત્યારે તે હાર પહેરેલ હાલતમાં આવેલ અને આ બંને જણાનો હાર પહેરેલો ફોટો પાડેલ. સદર સાહેદ **પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય.**

**૩૨.** આ કામમાં **સાહેદ રાજેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે, તેઓએ સદર ગુનાના કામે સાહેદ નરેન્દ્રભાઈ ડાહયાભાઈ પટેલનું નિવેદન લીધેલ અને ફોટો સ્ટુડીઓમાંથી એલ.જી. કંપનીનું સીપીયુ કબજે કરેલ અને તેનું પંચનામુ કરેલ જે આંક–૮૨ થી રેકર્ડ પર છે.

૩૩. આ કામમાં **સાહેદ જગદીશકુમાર હીરાલાલ રોહીત**ની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓ તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ લીંબાસી મુકામે હતા ત્યારે અંબાલાલનો તેઓ ઉપર ફોન આવેલ કે દીપીકાએ સંજય સાથે લગ્ન કરેલ છે તે બાબતે તપાસ કરવાનું જણાવતા તેઓ વાવડી મુકામે ગયેલ અને તલાટીને મળેલ અને તેઓએ આ લગ્ન નોંધણી બાબતે પુછતા લગ્ન રજીસ્ટર થયેલ છે તેની તેઓએ સર્ટીફાઈડ નકલો માંગેલી અને તે વખતે તેઓએ તલાટીને પુછેલ કે આ લગ્ન વખતે બંને પક્ષકારો હાજર હતા કે કેમ તથા હાજરીની જરુર છે કે કેમ તો તલાટીએ જણાવેલ કે મારે ડોકયુમેન્ટની જરૂર પડે પક્ષકારોની જરૂર પડે નહી અને આ નકલો આધારે ફરીયાદ આપેલ. સદર સાહેદ આરોપી નં.૧ ને જોયેથી ઓળખી બતાવે છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરેલ છે કે તેઓએ લગ્ન રજીસ્ટર વાવડીમાંથી મેળવેલ પ્રમાણપત્ર, સંજયભાઈ તથા દીપીકાબેનનું સોગંદનામું તથા લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર તથા દીપીકાબેન અને સંજયભાઈનો ઉંમર અંગેનો પુરાવો તથા તેમના ઓળખ અંગેના પુરાવા, સાક્ષીઓ તથા બ્રાહમણના ઓળખ અંગેના પુરાવા, લગ્ન અંગેના ફોટા તમામ કાગળો લાવેલ અને તેઓએ દીપીકાબેનનુ સોગંદનામુ જોયેલ જેમા દીપીકાબેનની સહી હતી તે તેઓએ જોયેલ અને લગ્ન યાદી મોકલવા અંગેની અરજી નમુના નં.૧ તેઓ લાવેલ જે નમુનો તેઓએ જોયેલ તેમા સંજયભાઈ તથા દીપીકાબેનની સહી હતી જે દીપીકાબેનની ઉંમર અંગેના પુરાવા હતા અને તેમા પણ દીપીકાબેનની સહી હતી.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં તે હકીકત કબુલ કરેલ છે કે આ લગ્ન કયારે થયા કોની રૂબરૂમાં થયા તે અંગેની તેઓને ખબર નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરેલ છે કે તલાટી કમમંત્રી વાવડીનાઓએ દીપીકાબેન અને સંજયભાઈના લગ્ન નોંધેલ છે જે અંગેનું રજીસ્ટર બતાવી પ્રમાણપત્ર કાઢી આપેલ પરંતું સદર કામમાં વાવડી ગામનું લગ્ન રજીસ્ટર આ કામે રેકર્ડ પર નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરેલ છે કે તેઓએ રજીસ્ટર જોયુ તેમા આરોપી નં.૧ સંજયભાઈ અને દીપીકાબેન તથા સાક્ષીઓની સહીઓ હતી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત ખબર નથી કે બ્રાહમણ અંગેના પુરાવામાં દીપીકાબેનની સહી હતી. સદર સાહેદ **પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય.**

**૩૪.** આ કામમાં સા**હેદ હિતેશ પ્રમોદકુમાર સંઘવી**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે આંક–૭૯ વાળો લગ્નનો ફોટાની સરખામણી આરોપી નં.૧ ના ફોટા સાથે કરતા આરોપી નં.૧ નો ચહેરો બંને ફોટામાં સરખો છે જયારે આંક–૭૯ વાળા લગ્નના ફોટામાં જણાવેલ ફરીયાદીનો ચહેરો એડીટીંગ કરીને બનાવેલ હોય સરખામણી માટે યોગ્ય જણાયેલ નહી જે અંગેનો અભિપ્રાય આપેલ જે આંક–૧૧૪ થી રેકર્ડ પર છે. વધુમાં સદર એફ.એસ.એલ. અધિકારી તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે સીપીયુમાં તકરારી ફોટોગ્રાફની હાજરી

જોવા મળેલ નહી. વધુમાં સદર સાહેદે તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરેલ છે કે આંક–૭૯ વાળો ફોટો અને આંક–૯૭ વાળા ફોટામાં એડીટીંગ થયેલ છે. સદર સાહેદે તે હકીકત કબુલ કરે છે કે સીપીયુ તથા હાર્ડડીસ્ક પેકીંગ થઈને આવેલ નહી અને સદર હાર્ડડીસ્ક આ જ ગુનાની છે તે બતાવવા માટે કોઈ ચિન્હ હાર્ડડીસ્ક પર લગાવેલ નહી અને હાર્ડડીસ્ક ઉપર પો.સ્ટે.નો નંબર, ગુના નંબર કે એફ.આઈ.આર. નંબર લખેલ નહી.

**૩૫.** આ કામમાં **ત.ક.અ. અબ્દુલકાદર ગફુરભાઈ વ્હોરા**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ તે હકીકત જણાવે છે કે આરોપી નં.૧ નાએ ફરીયાદીને નોકરી અપાવવાના બહાને સરદાર ભવનમાં લઈ જઈ કોરા ફોર્મમાં સહી કરાવી ફોટોગ્રાફ લઈ વાવડી ગ્રામ પંચાયતમાં લગ્ન રજીસ્ટરમાં નોંધણી કરાવ્યા અંગેની ફરીયાદ તેઓ તરફ આવતા તેઓએ ફરીયાદી અને આરોપી નં.૧ ના સ્કુલ લીવીંગ સર્ટી, લગ્ન અંગેની યાદીના બે ફોર્મ, આરોપીનું ઈલેકશન કાર્ડ, ફરીયાદીના બોનાફાઈડ સર્ટી વગેરે પુરાવા કબજે કરેલ. સદર સાહેદ આરોપીને જોયેથી ઓળખી બતાવે છે. આ કામમાં ત.ક.અ. ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે, લગ્ન કેવી રીતે થયેલ તે તેઓને ખબર નથી. વધુમાં ત.ક.અ. ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તેઓએ લગ્ન કરાવનાર બ્રાહમણ રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ દવેનું કોઈ નિવેદન લીધેલ નથી અને બ્રાહમણ ધ્વારા આપવામાં આવેલ લગ્ન અંગેનો દાખલો કબજે કરેલ નથી, તલાટી કમમંત્રીનું કોઈ નિવેદન લીધેલ નથી, ફરીયાદીના સ્કુલના આચાર્યનું કોઈ નિવેદન લીધેલ નથી, વકીલશ્રી એન.બી.ડાભી તથા નોટરીશ્રી

બાગેશ્વરીબેનનું કોઈ નિવેદન લીધેલ નથી. સદર ત.ક.અ. એ આંક–૯૯ વાળા લગ્ન નોંધણીની યાદીમાં કોની સહી છે તેની તેઓને ખબર નથી. વધુમાં ત.ક.અ. તેઓની જુબાનીમાં જણાવે છે કે, ફરીયાદી અને આરોપી નં.૧ નુ લગ્ન તેમની મરજીથી સ્વેચ્છાએ થયેલ હોવાનું તેમની તપાસમાં ખુલેલ. સદર ત.ક.અ. એ આંક–૧૦૨ વાળું બોનાફાઈડ સર્ટી અંગે ફરીયાદીની સ્કુલમાં કોઈ તપાસ કરેલ નથી તથા ત.ક.અ. એ આંક–૧૦૮ વાળા સ્ટેમ્પ કયાથી ખરીદેલ અને કોની પાસેથી ખરીદેલ તે અંગે કોઈ તપાસ કરેલ નથી. આ કામમાં નોટરી બી.પી.સોલંકીનાઓનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી.

**૩૬.** હાલના કામમાં કોઈપણ સાહેદે ફરીયાદી કે આરોપી નં.૧ નું લગ્ન થતા નજરો નજર જોયેલ નથી. હાલના કામમાં ફરીયાદી અને અન્ય સાહેદો તે હકીકત જણાવતા નથી કે ફરીયાદી અને આરોપી નં.૧ ના લગ્ન હિન્દુ રીત રિવાજ મુજબ અથવા અન્ય કોઈ જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયેલ કે કેમ. આ કામમાં લગ્ન કરાવનાર બ્રાહમણનું નિવેદન લેવામાં આવેલ નથી અને તેઓને આ કામે તપાસવામાં આવેલ નથી. આ કામમાં એફીડેવીટ કરનાર બાગેશ્વરીબેન, વકીલશ્રી એન.બી.ડાભી તથા વાવડી ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રીનું નિવેદન લેવામાં આવેલ નથી અને તેઓને આ કામે તપાસવામાં પણ આવેલ નથી. આ કામમાં લગ્ન રજીસ્ટરની નકલ રજુ નથી. આ કામમાં નોટરી રજીસ્ટર રેકર્ડ પર છે. આ કામમાં ફરીયાદીનું એલ.સી. કોણે સ્કુલમાંથી મેળવેલ તે અંગેનો કોઈ પુરાવો આ કામે રેકર્ડ પર

નથી. વધુમાં સદર ગુનામાં વાપરવામાં આવેલ સ્ટેમ્પ કયાથી અને કોની પાસેથી ખરીદેલ તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર નથી. **હાલના કામના કોઈપણ સાહેદ પોતાની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે આરોપી અને ફરીયાદીના કોઈ લગ્નની વિધી થયેલ હોય. હાલના કામમાં ફરીયાદી અને આરોપી નં.૧ ની લગ્ન વિધીથી થયેલ હોય તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર નથી. હાલના કામમાં ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે ફરીયાદી અને આરોપી નં.૧ ના લગ્ન ખોટી લગ્ન વિધીથી થયેલ છે. આમ હાલના કામમાં ફરીયાદપક્ષ ઈ.પી.કો.કલમ–૪૯૬ ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. હાલના કામમાં** આરોપી નં.૧ નાએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. હાલના કામના ફરીયાદી દિપીકાબેન તેઓની જુબાનીમાં તે હકીકત જણાવતા નથી કે સદર બનાવ પછી પણ તેઓ ગામમાં શાંતિથી હરીફરી શકતા નથી. વધુમા સદર બનાવ પછી સદર ફરીયાદી પોતાના ગામમાં શાંતીથી હરી ફરી શકતા નથી તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમ – ૫૦૬ (૨) મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ હાલના કામમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધ **ઈ.પી.કો.કલમ–૪૯૬,૫૦૬(૨),૧૧૪** મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**-: હુકમ :-**

(૧) આ કામનાં આરોપી **(૧) સંજયકુમાર ઉર્ફે ગીરીશભાઈ જેઠાભાઈ મકવાણા, (૨) ભરતકુમાર ઈશ્વરભાઈ રોહીત, (૩) શનાભાઈ પોપટભાઈ ચૌહાણ**નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ.૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કો.કલમ.૪૯૬,૫૦૬(૨),૧૧૪** મુજબના ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના સી.આર.પી.સી કલમ-૪૩૭(અ) અન્વયે રૂા.૧૫,૦૦૦/- ના વધુ છ માસના સમય ગાળા માટે જામીન લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા. ૦૬/૦૪/૨૦૨૬**
**સ્થળ. ખેડા.**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ખેડા.**
**(જી.જે.૦૧૨૧૫)**